# ઇન્ટરનેશનલ મ્યુઝીયમ દિવસ નિમિત્તે જૂનાગઢના સરદાર ગેટ ગેલેરી ખાતે પેઇન્ટિંગ કોમ્પિટિશન યોજાઇ



જૂનાગઢ તા.૨૦

આપણી ઓળખ એ આપણા સમાજ, સંસ્કૃતિ અને આપણા વારસા પ્રમાણે થતી હોય છે. જેનું આપણે ગૌરવ અનુભવતાં હોઈએ છીએ. આ ગૌરવને સાચવી રાખવા અને તેને પ્રોત્સાહિત કરવા તેમજ તેને અનુરૂપ ચીજ-વસ્તુઓનું સંરક્ષણ કરવા માટે સંગ્રહાલય પણ બને છે. અલગ-અલગ થીમ ઉપર આધારીત દેશ-દુનિયામાં અનેક સંગ્રહાલયો આવેલા છે. આ સંગ્રહાલયો સુધી લોકો પહોંચે અને તેને નજીક થી જાણી શકે તે હેતુથી દર વર્ષે ૧૮ મે ના રોજ "ઈન્ટરનેશનલ મ્યુઝીયમ દિવસ" ની ઉજવણી કરવામાં આવતી હોય છે. ત્યારે જૂનાગઢ ના સરદાર પટેલ ગેટ ગેલેરી ખાતે 'ભારતીય સંસ્કૃતિ અને ઈતિહાસ' વિષય પર પેઈન્ટિંગ કોમ્પિટિશન રાખવામાં આવી હતી. જેનું આયોજન અહીંની આર્ટ ગેલેરી નું સંચાલન કરતી સવાણી હેરીટેજ કન્ઝર્વેશન પ્રાઈવેટ લિમિટેડ દ્વારા કરવામાં આવેલ હતું. કંપનીનાં જનરલ મેનેજર રાજેશ તોતલાણીના જણાવ્યા મુજબ ૮ થી ૧૫ વર્ષ અને ૧૬ થી ૨૫ વર્ષ એમ બે કેટેગરીમાં કરવામાં આવેલ હતું. આ પેઈન્ટિંગ કોમ્પિટિશનમાં મોટી સંખ્યામાં બાળકોએ ભાગ લીધો હતો અને સૌને સર્ટીફિકેટ તેમજ બન્ને કેટેગરીમાં ત્રણ-ત્રણ વિજેતાઓને ટ્રોફી આપવામાં આવેલ હતી. આ સ્પર્ધા માં નિર્ણાયક તરીકે વિનોદભાઈ પટેલ અને રિયાબેન મકવાણાએ હાજરી આપેલ હતી. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન સવાણી હેરીટેજ કન્ઝર્વેશન પ્રાઈવેટ લિમિટેડના ક્યુરેટર મિતેશ ડાયાણી અને આસિસ્ટન્ટ મેનેજર ખ્યાતિ દોષી દ્વારા કરવામાં આવ્યું હતું.

(તસ્વીર : અલ્ફેઝ ભટ્ટી)

# માંગરોળ ગૌરક્ષા સેના દ્વારા પુજ્ય મુક્તાનંદજી બાપુના ૬૬માં જન્મોત્સવ નિમીતે મેગા રક્તદાન કેમ્પ સાથે વિવિધ પાંચ કાર્યક્રમો યોજાયો



(નીલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૦

જૂનાગઢ જિલ્લાના માંગરોળ જીવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ગૌરક્ષા સેના દ્વારા પૂજ્ય મુકતાનંદજી બાપુના ૬૬માં પ્રાગટ્ય દિવસ નિમિત્તે ભાવસિંહ સીવીલ હોસ્પિટલ બ્લડ બેંક પોરબંદર અને શ્રીરામ બ્લડ બેંક પોરબંદરના સહયોગ થી મેગા બ્લડ ડોનેશન કેમ્પના આયોજન સાથે સાથે માંગરોળ ગાયત્રી પરિવાર ના દિલીપભાઈ જોષી અને તેમની ટીમ ના સહયોગ થી ગાયત્રી મહાયજ્ઞ, આરેણા શિવમ ચક્ષુદાન પ્રમુખ નાથાભાઈ નંદાણિયાના સહયોગ થી દેહદન સંકલ્પ પત્ર ભરવાનુ, તેમજ સંજીવની નેચર ફાઉન્ડેશન સંસ્થાના નરેશબાપુના સહયોગ થી વૃક્ષ રોપા વિતરણ પક્ષીના માળા પાણીના કુંડા વિતરણ જેવા એક સાથે પાંચ કાર્યક્રમનુ ભવ્ય આયોજન મુરલીધર વાડી ખાતે કરવામાં આવ્યું હતું.

પૂજ્ય મુક્તાનંદ બાપુ ના ૬૬માં જન્મદિવસ ની ઉજવણીના ભાગ રુપે ગૌરક્ષા સેના આયોજીત આ બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૦૦ થી પણ વધુ રક્ત દાતા ભાઈઓ અને બહેનોએ પણ રક્ત દાન કર્યુ હતુ અને તમામ રક્ત દાતાઓ ને ઉપસ્થિત આગેવાનો હસ્તે સર્ટિફિકેટ સાથે ચકલીના માળા અને વૃક્ષ રોપા પણ આપવામાં આવ્યા હતા.

આ બ્લડ કેમ્પમાં એકઠુ કરેલ રક્ત પોરબંદર ભાવસિંહજી સિવિલ હોસ્પિટલના થેલેસેમિયાગ્રસ્ત બાળકોને સગર્ભા મહિલાઓ તેમજ અકસ્માત કેસોમાં ઉપયોગી થશે તેવુ શ્રીરામ બ્લડ બેંક-પોરબંદરના જયપાલસિંહે જણાવ્યુ હતુ.

આ અવસરે કાર્યક્રમમાં વિશ્વ હિન્દુપરિષદના આગેવાન વિનુભાઈ મેસવાણીયા, પ્રકાશભાઈ લાલવાણી, પરેશભાઈ જોષી, ભાજપ પ્રમુખ લિનેશભાઈ સોમૈયા,મંથનભાઈ ડાભી ચેતનભાઈ કગરાણા, ભગીરથસિંહ ચુડાસમાં સહીત વિવિધ રાજકીય સામાજિક ધાર્મિક સંસ્થાઓ ના આગેવાનો વેપારી અગ્રણીઓ સહીત ના મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

આ તમામ કાર્યક્રમોને સફળ બનાવવા ગૌરક્ષા સેનાના ગોવિંદભાઈ જી.કે , કેતનભાઈ નરસાણા સહીતના હોદેદારોએ સાથે સમગ્ર ટીમના સભ્યો દ્વારા સુંદર રીતે આયોજન વ્યવસ્થા સંભારેલ હતી.

# જેતપુર તાલુકાના વાડાસડા ગામે ગોંડલિયા પરિવાર દ્વારા દહેદાન

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૦



વાડાસડા ગામના સ્વ.ગોરધનભાઈ નાથાભાઈ ગોંડલિયા ઉ.વર્ષ ૭૪ નું દુઃખદ અવસાન થયેલ છે.તેઓ શૈલેષભાઈ તથા મહેશભાઈ ના પિતાશ્રી થાય છે. સ્વ.ગોરધનભાઈનો પરિવાર સુરત મુકામે રહેતો હતો જ્યાં ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા ચક્ષુદાન દેહદાનની પ્રવૃતિ ચલાવતી સંસ્થાના ડૉ.પ્રફુલભાઈ સિરોયા સાહેબના માર્ગદર્શન હેઠળ સ્વ.ગોરધનભાઈએ દેહદાનનો સંકલ્પ કરેલ હાલ તેઓ પોતાના વતન વડાસડા,જેતપુર મુકામે આવેલ અને સ્વ.ગોરધનભાઈનું અવસાન થયું આ દુઃખદ સમયે તેમના પરિવાર દ્વારા સ્વ.ગોરધનભાઈના દેહદાન માટે ડૉ.પ્રફુલભાઈ સિરોયાનો સુરત મુકામે સંપર્ક કરેલ સુરતથી જેતપુરનું અંતર વધારે હોય જેથી સમયના અભાવના કારણે ડૉ.સિરોયાએ આરેણા સ્થિત શિવમ્ ચક્ષુદાન આરેણાના સંચાલકશ્રીનો આ પરિવાર સાથે સંપર્ક કરાવેલ આથી શિવમ્ ચક્ષુદાન આરેણાના સંચાલકે G.M.E.R.S. મેડિકલ કોલેજ,પોરબંદરના ડૉ.મયંક જાવિયા સાહેબનો સંપર્ક આ પરિવાર સાથે કરાવી આપેલ અને પરિવારની પણ દેહદાન કરવાની ખુબ ભાવના થકી સમય મર્યાદાનું ચુસ્ત પાલન કરી આ પરિવારે નિયત સમયમાં સ્વ.ગોરધનભાઈનું દેહદાન તેમના પુત્ર શૈલેષભાઈના હસ્તે પોરબંદર સ્થિત મેડિકલ કોલેજને અર્પણ કરેલ.


મેડિકલ કોલેજમાં વિદ્યાર્થીઓના અભ્યાસ માટે દેહદાન ખૂબ અગત્યની જરૂરિયાત છે.

દેહદાન કરેલા શરીર પર પ્રથમ વર્ષ એમબીબીએસના વિદ્યાર્થીઓ શરીર રચના શાસ્ત્ર વિષયમાં વિચ્છેદન પ્રક્રિયા શીખે છે અને સમગ્ર શરીર વિશે માહિતી મેળવે છે અને ભવિષ્યના ઉમદા ડોક્ટર બનવાની દિશામાં આગળ વધે છે.

આ રીતે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સુરત,શિવમ્ ચક્ષુદાન આરેણા તેમજ જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ પોરબંદરના સતત સંપર્કમાં રહી ગોંડલિયા પરિવારે પોતાના પિતાના દેહદાનનો સંકલ્પ સાર્થક કર્યો.દેહદાન માટે જરુરી પ્રોસેસ અને સમય મર્યાદાનું ચુસ્ત પાલન ગોંડલિયા પરિવારે કરી અને માનવ કલ્યાણ અર્થેનું આ દેહદાન કરી તેમના પિતાશ્રીનો દેહ પાવન કર્યો છે.

આ તકે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સુરત,શિવમ્ ચક્ષુદાન આરેણા તેમજ G.M.E.R.S. મેડિકલ કોલેજ પોરબંદર આ પરિવારના વિચારને બિરદાવે છે અને સ્વ.ગોરધનભાઈને શ્રધ્ધાંજલી અર્પે છે.

# સંકિર્તન મંદિર દ્વારકાની મુલાકાત લેતા કથાકાર કનકેશ્વરદેવી






(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૨૦

દ્વારકા માં છેલ્લા ૫૫ વર્ષ થી પ્રેમ ભિક્ષુજી મહારાજ પ્રેરિત સંકીર્તન મંદિર જ્યાં દિવસ રાત શ્રી રામ જય રામ જય જય રામ નામ નો મહામંત્ર નો જાપ અખંડ ચાલુ છે.ત્યાં ભગવાન શ્રી રામ નાં દર્શને આજે પ્રખાયત કથાકાર એવાશ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર પ.પુ.માં કનકેશ્વરી દેવીજી પધાર્યા હતા. અને પોતે સંકીર્તન કરતા શ્રી રામ જય રામ જય જય રામ ની ધૂન બોલાવી ભગવાન શ્રી રામ નાં દર્શન કર્યા હતા અને મંદિર નાં ટ્રસ્ટી ઓ એ કનકેશ્વરી માતાજી નું સ્વાગત કર્યું હતું. માતાજી એ જણાવ્યું હતું કે દ્વારકા માં બેજ્ સ્થળ એવા છે ત્યાં સહુ એ આવું જોઈએ.એક જગત મંદિર અને બીજું આ સંકીર્તન મંદિર જયા તેર વખત સંકીર્તન કરવું જોઈએ.

# કોડીનાર - ડોળાસા વચ્ચે નેશનલ હાઈવે દ્વારા કોન્ટ્રાકટરનો ભ્રષ્ટાચાર છુપાવવા પ્રયાસ : તૂટેલા રોડમાં સિમેન્ટની રગડી ભરવામાં આવી રહી છે



(નીરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૨૦

કોડીનાર થી ડોળાસા સુધી નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ફોર ટ્રેક સીમેન્ટ રોડ નું કામ ૨૦૧૫ થી ગોકળ ગાય ની ગતિ થી ચાલુ છે.આ રોડ માં એટલો ભ્રષ્ટાચાર થયો છે.કે અઢાર કી.મી.આ આ રોડ અનેક સ્થળોએ તૂટી ગયો છે.જે નિયમ મુજબ નવો બનાવો જરૂરી છે પણ અંહી તો આ ભ્રષ્ટાચાર છૂપાવવા ઢાંક પિછોડો કરવા માં આવી રહ્યો છે.છેલ્લા દસ વર્ષ થી કોડીનાર ડોળાસા વચ્ચે ફોર ટ્રેક રોડ નું કામ ચાલી રહ્યું છે.હજુ ક્યારે પૂરું થશે એ નક્કી નથી.આ દરમ્યાન ડોળાસા કોડીનાર વચ્ચે અનેક સ્થળોએ રોડ માં મોટી મોટી તિરાડો પડી ગઈ છે તે પૈકી કેટલીક જગ્યાએ આ તિરાડો બે બે ઈંચ પહોળી થઈ ગઈ છે.જે તૂટેલો રોડ ફરી બનાવવો જ પડે અન્યથા આ રોડ નું ભવિષ્ય ધુધળું છે.પણ આજે તો આ રોડ માં સિમેન્ટ ની રગડી પૂરવા ની કાર્યવાહી ચાલુ છે. એનો અર્થ એ થયો કે આ તૂટેલો રોડ ફરી બનાવવા ને બદલે થીગડા થી કામ ચાલવા નું કારસ્તાન ચાલી રહ્યું છે. આમ જનતા ના ટેક્સ ના પૈસા થી સરકાર આ રોડ પાછળ અબજો રૂપિયા ખર્ચી કાયમી ધોરણે રોડ મજબૂત રહે તે માટે ફોર ટ્રેક સિમેન્ટ રોડ નું કામ હાથ ધરાયું છે. અહી થઈ રહેલા સિમેન્ટ રગડી કાંડ ની ઉપલા અધિકારીઓ ને ખબર છે કે આ કાંડ માં સૌ સામેલ છે ? તેમ લોકો સવાલ કરી રહ્યા છે.આ બાબતે ઉચ્ચ કક્ષાએ થી તપાસ કરવા માંગ ઉઠી છે.

# જૂનાગઢમાં અજાણ્યા ફોરવ્હીલના ચાલકે હડફેટે લઈ ઈજા પહોંચાડી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢમાં અકસ્માતના બનેલા એક બનાવમાં અજાણ્યા ફોરવ્હીલના ચાલકે હડફેટે લઈ ઈજા પહોંચાડયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર અશ્વિનભાઈ રતીલાલભાઈ રૂપારેલીયા (ઉ.વ.૪૯) રહે.દાણાપીઠ સોસાયટી, ગરબી ચોક પાસે, બ્લોક નં-૧૬ વાળાએ અજાણ્યા ફોરવ્હીલના ચાલક વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદીની દિકરી શ્રેયા તથા શૈલી બંને અલગ-અલગ મોટરસાઈકલમાં ઝાંઝરડા રોડ ખાતેથી પરત ઘરે આવતા હતા અને જૂનાગઢ મામલતદાર કચેરીની આગળ સ્પીડ બ્રેકર વટતા ફરિયાદીની દિકરીને તેની મોટરસાઈકલમાં પાછળથી કોઈ અજાણ્યા ફોરવ્હીલના ચાલકે તેની ફોરવ્હીલ પુર ઝડપે ચલાવી હડફેટે લઈ ચલાવી ફરિયાદીની દીકરીને પછાડી દેતા શ્રેયાને માથામાં ગંભીર ઈજા પહોંચાડતાં તેને ખાનગી હોસ્પીટલમાં સારવાર માટે ખસેડવછામાં આવેલ દરમ્યાન અજાણ્યો ફોર વ્હીલનો ચાલક અકસમાત સર્જી નાસી જઈ ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા બી ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# લોહાણા સમાજનું ગૌરવ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

તાજેતરમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા ધો.૧૦ ના પરિણામમાં જૂનાગઢની એનપી ભાલોડીયા હાઈસ્કૂલમાં અભ્યાસ કરતી તન્ના સૃષ્ટિ મહેશભાઈએ અંગ્રેજી માધ્યમમાં ૯૯.૫૩ પી.આર સાથે શાળામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી પરિવારનું અને લોહાણા સમાજનું નામ રોશન કર્યું છે. સૃષ્ટિને મળેલી સફળતા બદલ શાળાના પ્રિન્સિપાલ, આચાર્ય, સ્નેહીજનો સહિતના શુભેચ્છકો દ્વારા શુભેચ્છા આપવામાં આવી રહી છે. સૃષ્ટિએ તેને મળેલી સફળતા શાળાના શિક્ષકો અને વાલીઓને આપી છે તથા ટાઈમ મેનેજમેન્ટ સાથે વાંચન અને રિવિઝન અને ચિંતા કર્યા વગર અભ્યાસ કરવા વિદ્યાર્થીઓને ટીપ્સ આપી હતી.

# ઉનામાં સ્વામિનારાયણ મંદિરમાં ભગવાનને ચંદન અને સુકામેવાના વાઘાનો શણગાર કરાયો



(નવીન જોષી દ્વારા)

ઉના તા.૨૦

ઉના શહેર માં શેઠ વાડા મા આવેલ ૧૦૪વરસ જુનું મુખ્ય શ્રી સ્વામિનારાયણ મંદિર આવેલ છે જેમાં બિરાજેલ શ્રી,લક્ષ્મી નારાયણ દેવ, શ્રી, હરિ કૃષ્ણ મહારાજ, પ્રસાદી ના ખુદ સ્વામિ નારાયણ ભગવાને પુજેલ શ્રી, લાલજી મહારાજ, શ્રી, શાલિગ્રામ ભગવાન ની પૂજા અર્ચના કરવામાં આવે છે. ઉનાળા ની ધોમ ધખતા તાપમાં ભગવાન ને શીતળતા મળે તે માટે ઊના સ્વામિ નારાયણ મંદિર ના કોઠારી શાસ્ત્રી શ્રી, રામકૃષ્ણ દાસ સ્વામી ના માર્ગદર્શન હેઠળ બ્રહ્મચારી સાધુ સંતો, પાર્ષદો, હરિ ભક્તો દ્વારા વૈશાખ સુદ ત્રીજ થી ચંદન ના વાઘા નો શણગાર કરવામાં આવે છે. જેમાં હરિ જયંતિ ,અગિયારસ પૂનમ ના દિવસે વિશેષ ચંદન અને સુકામેવા ના વાઘા નો શણગાર કરવામાં આવ્યો છે. જેનોહરિભક્તો દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ ચંદન ના વાઘા નો શણગાર એક માસ સુધી કરવામાં આવશે. તેમજ શીતળ જળ ની સેવા પણ હરિ ભક્તો દ્વારા કરવામાં આવે છે.

# જૂનાગઢ રાજપુત સમાજના પ્રમુખ ઘનશ્યામસિંહ રાયજાદાનું અવસાન : સાંજે પ્રાર્થનાસભા




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

મુળ કુકસવાડા હાલ જૂનાગઢ નિવાસી ઘનશ્યામસિંહ બનેસિંહ રાયજાદા(ઉ.વ.૭૮) તે નિવૃત પીએસઆઈ તેમજ રાજપુત સમાજ જૂનાગઢના પ્રમુખ અને સુખદેવસિંહના મોટાભાઈ તથા કનકસિંહના અને જસપાલસિંહના પિતા તેમજ શકિતસિંહ અને રાજેન્દ્રસિંહના મોટાબાપુ તથા કિર્તીદેવસિંહ, ભવ્યરાજસિંહના દાદાબાપુનું તા.૧૮ને શનિવારના રોજ અવસાન થયેલ છે. ઘનશ્યામસિંહ રાયજાદા આજથી સાડા ત્રણ દાયકા પુર્વ જૂનાગઢ લોકલક્રાઈમ બ્રાન્ચમાં અકિલાના પત્રકાર વિનુભાઈ જોષીના પિતાજી રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા એએસઆઈ શિવલાલભાઈ જોષી સાથે ફરજ બજાવતા હતા.

જે તે વખતે આ જોડી એ ક્રાઈમ બ્રાન્ચમાં અનેક અણઉકેલ ગુનાઓના ભેદ ઉકેલી અને પ્રસંશનીય કામગીરી બજાવેલ બાદમાં શિવલાલભાઈ જોષી વય મર્યાદાના કારણે નિવૃત થયા હતા અને ઘનશ્યામસિંહ રાયજાદાને પીએસઆઈ તરીકે બઢતી મળતા તેઓની ભાવનગર જીલ્લામાં બદલી થતા તેમને વરતેજ પોલીસ સ્ટેશનમાં મુકવામાં આવતા ત્યાં પણ તેઓએ કાયદો અને વ્યવસ્થાની સુંદર જાળવણી કરી ખુબ લોકચાહના મેળવી અને વય મર્યાદાના કારણે તેઓ પણ નિવૃત થયેલ અને નિવૃત થયા બાદ પણ તેઓ જૂનાગઢ રાજપુત સમાજમાં પ્રમુખ તરીકે સેવા આપતા હતા. તેઓની અચાનક વિદાયથી રાજપુત સમાજને મોટી ખોટ પડી છે. શનિવારે બપોરે જોષીપરા સ્થિત સરિતા સોસાયટી ખાતેથી તેમની અંતિમ યાત્રા નીકળી તેમાં રાજપુત સમાજના આગેવાનો નિવૃત ડીવાયએસપી રઘુવિરસિંહ ચુડાસમા, જીતેન્દ્રસિંહ સોલંકી, કરણી સેનાના જૂનાગઢના અધ્યક્ષ ધર્મેન્દ્રસિંહ વાઘેલા સહિતના જોડાયા હતા અને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા. આજે સદગતની પ્રાર્થનાસભા અને બેસણું સાંજે ૪થી ૬ કલાકે સિધ્ધેશ્વર મહાદેવ મંદિર, શિવનગર સોસાયટી, જોષીપરા, જૂનાગઢ ખાતે રાખેલ છે.

## જૂનાગઢ રાજગોર સમાજના સેવાભાવી પરસોતમભાઈ મહેતાનું અવસાન : સાંજે પ્રાર્થનાસભા-બેસણું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

મુળ બેલા હાલ જૂનાગઢ નિવાસી નિવૃત એએસઆઈ પરસોતભાઈ દાનભાઈ મહેતા(ઉ.વ.૮૮) તે દિનેશભાઈ તથા અનિલભાઈના પિતાનું તા.૧૮ને શનીવારના રોજ અવસાન થયેલ છે. રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિના દરેક કાર્યોમાં સેવા આપનાર પરસોતમભાઈના અવસાનથી સમાજને મોટી ખોટ પડી છે. તેમની પ્રાર્થના સભા અને બેસણું આજે સાંજે ૫ થી ૭ રાજગોર બ્રાહ્મણ વિદ્યાર્થી ભુવન, શિશુમંગલ સામે, ગાંધીગ્રામ, જૂનાગઢ ખાતે રાખેલ છે.

# માણાવદરમાં વિનામૂલ્યે પક્ષીઓ માટે કુંડાઓના વિતરણમાં પ્રજ્ઞાચક્ષુ પણ જોડાયા





(ગીરીશ પટેલ દ્વારા)

માણાવદર તા.૨૦

માણાવદરમાં ધર્મ કુળ આ શ્રિત સત્સંગ સમાજ દ્વારા વિના મૂલ્યે ૨૦૦ વિતરણ કુંડા વિતરણ થયાં. ભકત રાજ મયારામ ભટ્ટ ની જન્મ ભોમકા માં ભગવાન સ્વામિનારાયણ ની પૂર્ણ કૃપાથી તેમજ વડતાલ વાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદિના વિદ્યામાન આચાર્યશ્રી પરમ પૂજ્ય ધર્મ ધુરંધર ૧૦૦૮ આચાર્યશ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞા તેમજ આશીર્વાદથી તેમજ ભાવી આચાર્ય શ્રી નુગેન્દ્ર પ્રસાદજી મહારાજ શ્રી ની પ્રેરણાથી ધર્મકુળ આશ્રિત સત્સંગ સમાજ માણાવદર તથા લક્ષ્મીનારાયણદેવ યુવક મંડળ માણાવદર દ્વારા આ ઉનાળાની કાળજાળ ગરમીમાં પક્ષીઓ માટે પાણીના ૨૦૦ કુંડાનું વિના મૂલ્ય વિતરણ કરવામાં કરવામાં આવ્યું. શ્રી ત્રબેશ્વર મહાદેવ મંદિર ના પૂજારી ધર્મેન્દ્રભાઈ રાવલ, શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞ ના શાસ્ત્રી કમલેશ ભાઈ મહેતા, ગો ઉપાસક મયુર રાવલ, શ્રી રામ મંદિર ના પૂજારી રાજુભાઈ દેવ મોરારી ના વરદ હસ્તે સ્ટેન્ડ સાથે કુંડા વિતરણ થાય હતા. શ્રી એલ .કે. પીઠિયા,શ્રી વિનોદ ભાઈ જેઠવા, ધર્મેન્દ્ર ભાઈ મહેતા, દિલીપભાઈ મારડિ યા અન્ય હરિભકતો અને જીવ દયા પ્રેમી ઓ જોડાયા હતા. ખુબજ સારો પ્રતિસાદ મળ્યો હતો. છટ્ટ કુડા વિતરણ માં વશરામભાઈ કે જેઓ અંધ વ્યક્તિ હોવા છતા પક્ષીઓ માટે કુંડા લેવા આવ્યા હતાં.

# આવતીકાલે વણકર સમાજ આદિત્યાણા દ્વારા પ્રથમ વખત સમુહ લગ્નનું આયોજન

આદિત્યાણા તા. ૨૦ : વણકર સમાજ આદિત્યાણા દ્વારા પ્રથમ વખત સમુહ લગ્નનું આયોજન આવતીકાલ તા. ૨૧ મેનાં રોજ કરવામાં આવેલ છે. આ લગ્નોત્સવનું ટાઈટલ 'દિકરી ઘરનો દિવો' એવું રાખવામાં આવેલ છે. કુલ ૩૪ સમુહલગ્ન થવાનાં છે. દરેક દિકરીઓને સોનાની બંગડી, ચાંદીનાં સાંકળા, લગ્નના કપડા, વરરાજા માટે ઘડીયાળ, ૩૨ ઈંચનું ટીવી, ૧૮૦ લીટર ફ્રીઝ, વોશીંગ મશીન, પેટી પલંગ, સોફાસેટ સહીત ૧૯૫ વસ્તુઓનો કરીયાવર આપવામાં આવશે. આ લગ્નોત્સવ કારૂભાઈ ખાનપરાની વાડી, પોલીસ સ્ટેશન સામે, આદિત્યાણા ખાતે યોજાશે. આ લગ્નોત્સવ આદિત્યાણાની વણકર સમાજની એક દિકરી કે હાલ મુંબઈમાં રહે છે તેનાં ભાઈનાં મૃતકનાં સ્મરણાર્થે કરી રહેલ છે.

### વિદ્યાર્થીઓને વિવિધ પ્રમાણપત્રો સરળતાથી મળી રહે તે માટે

# ગીર સોમનાથ જીલ્લાના વિવિધ તાલુકા મથકો ખાતે મોડલ જનસેવા કેન્દ્રો શરૂ કરાયાં

### ૧ લી માર્ચથી આજદિન સુધીમાં ૪૮,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને આવક, જાતિ, નોન ક્રિમિલીયર જેવાં જુદા-જુદા પ્રમાણપત્રો આપવામાં આવ્યાં



વેરાવળ, તા.૨૦ સમગ્ર રાજ્ય સાથે ગીર સોમનાથ જિલ્લામાં વિદ્યાર્થીઓ માટે અત્યારે ઉનાળાનું વેકેશન ચાલી રહ્યું છે. આ સમયગાળામાં વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ મેળવવા માટે જાતિ અંગેના પ્રમાણપત્રો, આવકના દાખલા, નોન ક્રિમિલિયર સર્ટિફિકેટ વગેરે જુદા - જુદા દાખલાઓની જરૂરિયાત રહેતી હોય છે. આવા દાખલાઓ મેળવવા માટે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, વાલીઓ તાલુકામાં મામલતદાર કચેરી ખાતે આવતા હોય છે. આ માટે જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા દ્વારા રાજ્ય સરકારની સૂચના મુજબ આગોતરું આયોજન કરી તાલુકા મથકે મોડેલ જનસેવા કેન્દ્રો ઉભા કરવામાં આવેલ છે. જ્યાં નાગરિકોને યોગ્ય સુવિધાઓ મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે. હાલ ઉનાળાના સમયમાં લોકોને તડકામાં ઉભું ન રહેવું પડે તે માટે છાંયડાની વ્યવસ્થા સાથે જરૂરિયાત મુજબ મંડપની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. તેમજ પીવા માટે ઠંડા પાણીની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. લોકોને લાઈનમાં ઉભું ન રહેવું પડે તે માટે ટોકન સિસ્ટમની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. રાજ્ય સરકારની સૂચના મુજબ વિદ્યાર્થીઓ જુદા-જુદા પ્રમાણપત્રો, જાતિના દાખલાઓ માટે અરજી કરે તે જ દિવસે (same day) મળી રહે તેવી સુચારૂ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ ઉપરાંત, ભરતી પ્રક્રિયામાં કોઈ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રોને જરૂરિયાત હોય તે સ્થળ ઉપર જ (At a Time) પ્રમાણપત્રો મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગીર સોમનાથ જિલ્લામાં ૧ લી માર્ચથી આજદિન સુધીમાં કુલ-૪૮૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આવક, જાતિ, નોન ક્રિમિલીયર જેવાં જુદા-જુદા પ્રમાણપત્રો માટે અરજી કરી હતી તે જે તમામ અરજીઓ તે જ દિવસે (same day) મંજૂર કરી અને પ્રમાણપત્રો ઈશ્યુ કરી આપવામાં આવ્યાં છે.

# જૂનાગઢ જીલ્લામાં તા.૨૩ મે સુધી 'હીટવેવ'

### ૪૩ ડીગ્રી તાપમાન રહેવાની શકયતાને પગલે સાવચેતી જાળવવી

જૂનાગઢ, તા.૨૦ હવામાન વિભાગના અનુમાન મુજબ ગઈકાલ તા.૧૯ મે થી તા.૨૩ મે દરમ્યાન મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે. ત્યારે જૂનાગઢ આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા શહેરીજનોને હીટવેવથી બચવા માટે જરૂરી કાળજી લેવા માટે અપીલ કરી છે.

હીટવેવ અને લૂથી રક્ષણ મેળવવા માટે બહાર જતી વખતે પાણીની બોટલ સાથે રાખવી, પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી પીવા જોઈએ. જેમ કે પાણી, લીંબુ શરબત, છાશ, નાળિયેર પાણી અથવા અન્ય પ્રવાહીનું સેવન કરવું, તાજા ફળો અને શાકભાજી ખાવા, તીખુ ખાવાનું ટાળો, તેમજ આહારમાં વધુ પડતું પ્રોટીન અને વાસી ખોરાક લેવાનું ટાળો, ચા કોફી અને સોડા વાળા પીણાં પર નિયંત્રણ રાખો. બહાર જતી વખતે છત્રી,ટોપી, કે સ્કાર્ફ સાથે રાખવું, લાંબો સમય તડકામાં ન રહેવું, આછા રંગના તેમજ ઢીલા સુતરાઉ કપડાં પહેરવાં, કામ કરતી વખતે થોડા થોડા સમયે વિરામ લેવો જોઈએ, અને ઠંડક વાળા સ્થળો પર સમયાંતરે આરામ કરવો અને નાના બાળકો, વૃદ્ધો અને સગર્ભા સ્ત્રીઓનું ખાસ ધ્યાન રાખવું.

લૂ લાગવાના લક્ષણોમાં ગરમીની અળાઈઓ, ખુબ પરસેવો થવો અને અશક્તિ લાગવી, માથાનો દુઃખાવો,ચક્કર આવવા, ચામડી લાલ-સુકી અને ગરમ થઈ જવી, સ્નાયુઓમાં દુઃખાવો અને અશક્તિ આવવી, ઉબકા અને ઉલ્ટી થવીનો સમાવેશ થાય છે. ઉપરાંત જરૂરી સારવાર માટે નજીકનાં સરકારી દવાખાના CHC, PHC, UHCનો સંપર્ક કરવો.

### ખેલ મહાકુંભ ૨.૦માં કોડીનાર નગરપાલિકા સંચાલિત

# મ્યુ. ગર્લ્સ હાઈસ્કૂલની દિકરીઓની ટિમે રાજ્ય કક્ષાની રસ્સા ખેંચ સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું

### ૯ દિકરીઓએ અંડર - ૧૭ કેટેગરીમાં ભાગ લઈ કોડીનાર તાલુકાનું ગૌરવ વધાર્યું

(મુગલ અલ્તાફ દ્વારા)



કોડીનાર, તા.૨૦ ગુજરાત સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગરના સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર અંતર્ગત ખેલ મહાકુંભ ૨.૦માં રાજ્ય કક્ષાની પોરબંદર મુકામે યોજાયેલી રસ્સા ખેંચ સ્પર્ધામાં પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકીના સીધા માર્ગદર્શન હેઠળ ચાલતી કોડીનાર નગરપાલિકા સંચાલિત મ્યુ. ગર્લ્સ હાઈસ્કૂલની દિકરીઓની ટીમે પ્રથમ નંબર મેળવી કોડીનાર નગર અને શાળા પરિવારનું ગૌરવ વધારેલ છે. આ સ્પર્ધામાં શાળાની ૯ દિકરીઓએ અંડર - ૧૭ કેટેગરીમાં ભાગ લીધેલ હતો જેની રોકડ પુરસ્કાર અને રાજ્ય કક્ષાનું સર્ટિફિકેટ તો પ્રાપ્ત થશે. સાથે ટીમએ ઉત્કૃષ્ટ પ્રદર્શન પ્રથમ સ્થાન મેળવવા બદલ તમામ દીકરીઓને પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી, પૂર્વ પાલિકા પ્રમુખ શીવાભાઈ સોલંકી દ્વારા અભિનંદન પાઠવ્યા હતા.

# ઈ.સ. ૨૦૨૪ના વરસાદનું ભવિષ્ય

આ વર્ષે વરૂણ નામનો મેઘ છે. આથી પવન સાથે બધેજ સારો વરસાદ થાય, ઘણી જગ્યાએ અતિશય વરસાદથી પાકને નુકશાન થાય. ખાસ કરીને ચોમાસાની શરૂઆત જુન મહિનાના પહેલા અઠવાડીયાથી થાય છે અને ખાસ કરીને ચોમાસુ જયારે ૨૧ જુનની આસપાસ આદ્રા નક્ષત્ર બેસે ત્યારે ચોમાસુ જામે છે.

નક્ષત્ર પ્રમાણે વરસાદની યાદી

(૧) તા.૮/૬/૨૦૨૪થી ૨૧/૬/૨૦૨૪ સુધી સુર્ય મૃગશીર્ષ નક્ષત્રમાં વાહન શિયાળનું વરસાદની શરૂઆત થાય, વંટોળ ફુંકાઈ, બફારો રહે.

(૨) ૨૧/૬/૨૦૨૪થી ૫/૭/૨૦૨૪ સુર્ય આદ્રા નક્ષત્રમાં વાહન મોરનું પવન સાથે સારો વરસાદ પડે.

(૩) ૫/૭/૨૦૨૪થી ૧૯/૭/૨૦૨૪ સુર્ય પુનર્વસુ નક્ષત્રમાં વાહન હાથીનું વંટોળ અને પવન ફુંકાઈ, મધ્યમ વરસાદ રહે.

(૪) તા.૧૯/૭/૨૦૨૪ થી ૨/૮/૨૦૨૪ સુધી સુર્ય પુષ્પ નક્ષત્રમાં રહે વાહન દેડકો બધેજ સારો વરસાદ થાય.

(૫) તા.૨/૮/૨૦૨૪ થી ૧૬/૮/૨૦૨૪ સુર્ય આશ્લેષા નક્ષત્રમાં રહે વાહન ગધેડાનું નહીવત વરસાદ રહે (ખાસ કરીને આશ્લેષા નક્ષત્રને ઝેરી નક્ષત્ર કહેવામાં આવે છે. આથી કહેવત પ્રમાણે જો આશ્લેષા નક્ષત્રમાં વરસાદ પડે તો કાકરી પણ નો સુકાઈ અને જો વરસાદ નો પડે તો સાવ નો પડે).

(૬) તા.૧૬/૮/૨૦૨૪ થી ૩૦/૮/૨૦૨૪ સુર્ય મધા નક્ષત્રમાં રહેશે વાહન શિયાળનું છેફ. કયાંક સામાન્ય વરસાદ પડે, પવન રહે.

(૭) તા.૩૦/૮/૨૦૨૪ થી ૧૩/૯/૨૦૨૪ સુધી સુર્ય પૂર્વા ફાલ્ગુની નક્ષત્રમાં રહેશે વાહન ઉંદરનું છુટાછવાયો વરસાદ થાય.

(૮) તા.૨૭/૯/૨૦૨૪ થી ૧૦/૧૦/૨૦૨૪ સુર્ય હસ્ત નક્ષત્રમાં રહેશે, (હાથીયો કહેવાય છે) વાહન મોરનું છુટોછવાયો વરસાદ થાય. કયાંક વાવાઝોડા સાથે વરસાદ થાય.

(૯) તા.૧૦/૧૦/૨૦૨૪થી ૨૩/૧૦/૨૦૨૪ સુર્ય ચિત્રા નક્ષત્રમાં રહેશે. વાહન ભેસનું સારો એવો વરસાદ થવાની શકયતા છે.

(૧૦) તા.૨૪/૧૦/૨૦૨૪થી તા.૬/૧૧/૨૦૨૪ સુર્ય સ્વાતી નક્ષત્રમાં વાહન શિયાળનું કયાંક સામાન્ય વરસાદ થાય.

આ વર્ષે વરસાદ સારો થાય આદ્રા નક્ષત્ર પ્રમાણે મેઘરાજા મોર ઉપર બેસી અને પધારશે. આસરે ૮૦ ટકાથી ૯૦ ટકા સારૂ વર્ષ જાય. ૧૪ આની વર્ષ રહેવાની શકયતા છે.

**- શાસ્ત્રી રાજદીપ જોષી (વેદાંત રત્ન)**

# ઘર આંગણે કિચન ગાર્ડન બનાવવા શાકભાજી બિયારણ અને ખાતરનું નહિ નફો, નહિ નુકસાનના ધોરણે વેંચાણ કરાશે

જૂનાગઢ, તા.૨૦ વર્ષાઋતુમાં શહેરીજનો પણ પોતાના ઘર આંગણે કિચન ગાર્ડન બનાવી શકે તે હેતુથી રાજ્ય સરકારના બાગાયત ખાતા દ્વારા વિવિધ શાકભાજી બિયારણ અને ખાતરના પેકેટ બનાવી નહિ નફો, નહિ નુકસાનના ધારણે વેચાણ કરવામાં આવે છે. આ ઉપરાંત કચેરી ખાતે શહેરીજનોને કિચન ગાર્ડન અંગે જરૂરી તાંત્રિક માર્ગદર્શન અને એક દિવસીય તાલીમ પણ આપવામાં આવે છે. શાકભાજી બિયારણ અને ખાતરનું વેચાણ નાયબ બાગાયત નિયામકની કચેરી, નિલમ બાગ, લઘુ કૃષિ ભવન, બહુમાળી ભવનની સામે, જૂનાગઢ ખાતે કરવામાં આવે છે. વધુ માહિતી માટે ૦૨૮૫-૨૬૩૫૦૧૯ ઉપર સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું છે.

### ભૂખ હડતાળની ચીમકી આપવામાં આવી

# કેનેડાથી સેંકડો ભારતીય સ્ટુડન્ટને ડિપોર્ટ કરાતા વિરોધ પ્રદર્શન શરૂ

### અનચેકડ ઈમિગ્રેશનને લીધે ત્યાંના હેલ્થ કેર અને હાઉસિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર પણ અસર થઈ રહી છે

ઓટાવા, તા.૨૦ કેનેડામાં અત્યારે સેંકડો ભારતીય સ્ટુડન્ટ્સને ડિપોર્ટેશનનો સામનો કરવો પડી રહ્યો છે. પ્રિન્સ એડવર્ડ આઈલેન્ડમાં રાતોરાત પ્રોવિન્શિયલ ઈમિગ્રેશન નિયમમાં ફેરફાર થઈ જતા આ પ્રમાણે લોકોની સ્થિતિ થઈ ગઈ છે. આ તમામ ભારતીય વિદ્યાર્થીઓ ભૂખહડતાળ પર પણ ઉતરી આવ્યા છે અને માગ કરી રહ્યા છે કે જે પણ નિયમોમાં ફેરફાર થયા છે તેના પર ફરી એકવાર નજર કરવી જોઈએ. આવા નિર્ણયોથી અમારા ભવિષ્ય પણ સંકટમાં મુકાઈ શકે છે.

પ્રિન્સ એડવર્ડ આઈલેન્ડ કે જે કેનેડિયન પ્રોવિન્સ છે તેને પોતાના નિયમમાં ફેરફાર કર્યા છે. ઈમિગ્રેશન રૂલ્સમાં હવે એવો નિયમ લવાયો છે કે પ્રોવિન્સમાંથી જેમ બને એમ વધારે ઈમિગ્રન્ટ્સને ડિપોર્ટ કરવા પડશે કારણ કે આ પ્રોવિન્સમાં હેલ્થ કેર સેક્ટર અને હાઉસિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર આની માઠી અસર પડી રહી છે.

મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે અત્યારે થોડા સમય પહેલા જે વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએટ થવાના હતા તે હવે ડિપોર્ટેશનનો સામનો [redacted]

પણ કરી રહ્યા છે. આ તમામ સ્ટુડન્ટ્સને વર્ક પરમિટ પણ નથી મળી રહી એવી વાતો પણ વહેતી થઈ ગઈ છે. તે લોકો એક જ મુદ્દો ઉઠાવી રહ્યા છે કે અમે ભણવા આવ્યા હતા તેવામાં આવું કેમ થઈ ગયું.

આ પ્રોટેસ્ટના લીડર રુપિન્દર પાલ સિંહે કહ્યું કે આ કાર્યવાહી અંગે અમારી ૩ ડિમાન્ડ છે. તેણે કહ્યું કે હુ ૨૦૨૩માં ભારતથી કેનેડા આવ્યો હતો. તેવામાં અચાનક આ નિયમમાં ફેરફાર થઈ જતા મામલો બિચક્યો છે. હવે લોકોને ડિપોર્ટ થવાનો વારો આવી રહ્યો છે. પહેલા તો તમે એ વાત જુઓ કે નવો રૂલ આયો એની પહેલાથી જ અમે લોકો અહીં આવી ગયા છે. તો અમને ખબર જ નહોતી કે આ પ્રમાણેની કોઈ ઘટના બનશે. તો અત્યારે જે લોકો જૂના રૂલ હતા તે સમયે આવ્યા હોય તેમને ડિપોર્ટ ન કરવા જોઈએ.

અમારી બીજી માગ એ છે કે આ નવી PNP સિસ્ટમ પ્રામાણિક હોવી જોઈએ. અત્યારે જોવા જઈએ તો સેલ્સ, સર્વિસ, ફૂડ સેક્ટર અને ટ્રકર્સને પણ આ PNP ડ્રોમાંથી બહાર કરી દેવાયા છે. અત્યારે અમે જે પ્રમાણે હાર્ડ વર્ક અને [redacted]

છીએ. અત્યારની પોઈન્ટ સિસ્ટમ પર પણ આ ભારતીય વિદ્યાર્થીઓ વિરોધ વ્યક્ત કરી રહ્યા છે. જેમાં ૬૫ પોઈન્ટસની વાત કરાઈ છે. તે લોકો કહી રહ્યા છે કે કેટલાક ફિલ્ડના લોકો માટે તો આ ટાસ્ક સાવ અશક્ય જ લાગી રહ્યો છે.

આ પ્રોટેસ્ટરે વધુમાં કહ્યું કે છેવટે અમારી વર્ક પરમિટ વધારી દો જેથી કરીને અમે નોકરી કરી શકીએ.

અત્યારે આ નવા નિયમોને લીધે અમારો સમય અને અમારી જેટલી પણ કારકિર્દીને લગતી તકો છે તે પણ અમે ગુમાવી બેઠા છીએ.

આ વિરોધ પ્રદર્શન ૯ મેથી શરૂ થયું છે અને ૨૫ લોકોથી સ્ટાર્ટ થયેલું આ ૩૦૦ લોકોનું થઈ ગયું છે. આ નિર્ણય ફેબ્રૂઆરી મહિનામાં આવ્યો હતો. જેમાં ૨૦૨૪ સુધીમાં એન્ટ્રી અને લોકોની અરજી સ્વીકારવાની જે ટકાવારી છે તેમાં મોટાપાયે ફેરફાર કરી દેવાશે. રુપિન્દર સિંહે કહ્યું કે અહીં કેનેડામાં બધા સેટલ થવા આવ્યા હતા અને જ્યારે અરજી કરી હતી ત્યારે આવા કોઈ પરિસ્થિતિનો સામનો તેમને કરવો પડશે એની ચર્ચા જ નહોતી થઈ. જેથી કરીને જોઈએ તો હું ૨૦૨૩માં આવ્યો અને આ નિયમ આવશે એવી જાણ સરકારે કરી જ નહીં તો પછી આ એક પ્રકારનું કપટ કર્યું હોય કેનેડાએ એમ લાગી રહ્યું છે.

PEI સરકારે કહ્યું છે કે આ તમામ ઘટનાક્રમ ટેમ્પરરી છે. પરંતુ કેટલા સમયગાળા સુધી રહેશે એવું જણાવ્યું નથી.

### એપોલો હોસ્પિટલ ચેન્નઈમાં થયું અવસાન

# દેશના જાણીતા બેન્કર નારાયણન વાઘુલનું ચેન્નઇમાં અવસાન થયું

### વાઘુલના પરિવારમાં તેમની પત્ની, પુત્રી અને પુત્ર છે

ચેન્નઈ, તા.૨૦ પ્રસિદ્ધ ભારતીય બેન્કર અને ICICI બેન્કના ભૂતપૂર્વ ચેરમેન નારાયણન વાઘુલનું શનિવારે નિધન થયું હતું. મીડિયા રિપોર્ટ્સમાં આ જાણકારી આપવામાં આવી હતી. બેન્કર નારાયણનનું ચેન્નઈમાં નિધન થયું હતું. તેમના પરિવારે એક નિવેદન જાહેર કરી જણાવ્યું હતું કે "તમને એ જણાવતા ખૂબ દુઃખ થઈ રહ્યું કે પદ્મ ભૂષણ નારાયણન વાઘુલનું આજે બપોરે એપોલો હોસ્પિટલ ચેન્નઈમાં નિધન થયું છે.

મળતા રિપોર્ટ અનુસાર, વાઘુલ ૮૮ વર્ષના હતા અને તેમના પરિવારમાં તેમની પત્ની, પુત્રી અને પુત્ર છે, બેન્કને ૨૦૦૯માં પદ્મ ભૂષણ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમણે રાજીવ ગાંધીના વહીવટતંત્ર દરમિયાન ICICI બેન્કના નિર્માણમાં પણ મદદ કરી હતી. તેમણે પોતાના કરિયરની શરૂઆત સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા સાથે કરી હતી અને ૪૪ વર્ષની ઉંમરે બેન્ક ઓફ ઈન્ડિયામાં જવાબદારી સંભાળી હતી. ૩૯ વર્ષની ઉંમરે વાઘુલે સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાં એક્ઝિક્યુટિવ ડિરેકટરની ભૂમિકા સંભાળી હતી. વાઘુલે ૧૯૯૦ના દાયકાના મધ્યમાં એક અન્ય દિગ્ગજ કે.વી.કામથને એશિયન ડેવલપમેન્ટ બેંકમાંથી ભારત પરત ફરવા માટે મનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી. ICICI સિક્યોરિટીઝને એક ઈન્વેસ્ટમેન્ટ બેન્કિંગગ ફર્મ તરીકે સ્થાપિત કરવામાં પણ બેંકર મહત્ત્વપૂર્ણ હતા. તેમણે વિપ્રો, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એપોલો હોસ્પિટલ્સ અને મિત્તલ સ્ટીલ જેવા અનેક અગ્રણી ભારતીય ગ્રુપ્સમાં ડિરેકટર તરીકે પણ સેવા આપી હતી. તેમણે ICICI નોલેજ પાર્કમાં અધ્યક્ષની ભૂમિકા પણ નિભાવી હતી. વડાપ્રધાન રાજીવ ગાંધીએ વાઘુલના ટેલેન્ટથી પ્રભાવિત થઈને તેમને આઈસીઆઈસીઆઈમાં સામેલ કર્યા હતા. અગાઉ ૨૦૨૩માં વાઘુલે 'રિફ્લેક્શન્સ'ના ટાઈટલ સાથે પોતાના સંસ્મરણો જાહેર કર્યા હતા જેમાં છેલ્લા કેટલાક દાયકાઓમાં ભારતીય નાણાકીય ક્ષેત્રમાં પોતાના અનુભવોની જાણકારી આપવામાં આવી હતી.

### જૂના મીટર લગાવવાની માંગ


# વડોદરામાં ભારે વિરોધ બાદ આખરે સ્માર્ટ મીટર નહીં લગાડવાનો નિર્ણય

### શહેરીજનો સ્માર્ટ મીટર વિરૂધ્ધ વિરોધ નોધાવી રહ્યા છે આ સ્માર્ટ મીટરને કારણે ઘણી મુશ્કેલીઓ પડી રહી છે

વડોદરા, તા.૨૦ મધ્ય ગુજરાતમાં આજથી લગભગ બે વર્ષ પહેલા કેન્દ્ર સરકારની RDSS યોજના અંતર્ગત વીજ કંપનીઓ દ્વારા લો વોલ્ટેજને લઈને થતી મુશ્કેલીને હલ કરવા માટે સ્માર્ટ મીટર લગાવવામાં આવી રહ્યા હતા. પરંતુ હાલમાં મધ્ય ગુજરાતમાં MGVCL વીજ કંપનીઓ દ્વારા RDSS યોજના અંતર્ગત સ્માર્ટમીટર લગાવવાનું બંધ [redacted]

લગાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો. આ સ્માર્ટમીટર લગાવવાના લક્ષ્યાંક પૂરો કરવાની સાથે હવે આ લગાવવામાં આવેલા તમામ ૨૫૦૦૦ હજાર મીટરનો ડેટા અને ગ્રાહકોને કેવી મુશ્કેલી પડી રહી છે તેનું વિશ્લેષણ કરવામાં આવશે. આ ઉપરાતં વીજ કંપનીઓ એ દાવો કરે છે કે જ્યારે RDSS યોજના અંતર્ગત નવો આદેશ આવશે ત્યારબાદ જ અમે બીજા નવા સ્માર્ટ મીટર [redacted]

નહીં આવે. નવા સ્માર્ટ મીટર ન લગાવાનો નિર્ણય વીજ કંપનીઓએ જ્યારે આ સ્માર્ટ મીટર લગાવ્યા બાદ તેમને અનુભવ પર મોનિટરિંગ અને વપરાશ વિશે ગેરસમજ જોવા મળે છે. તેથી વીજ કંપનીઓ એ નવા સ્માર્ટ મીટર લગાવવા માટે કેન્દ્ર સરકારના આદેશની રાહ જોઈ રહ્યા છે. હવે ટૂંક સમય માટે સરકાર તરફથી વીજ કંપનીઓ દ્વારા નવા સ્માર્ટ મીટર ન લગાવવાના નિર્ણય લેવામાં આવ્યો છે. કારણ કે, છેલ્લા કેટલાય સમયથી વડોદરામાં આ સ્માર્ટ મીટર વિરુદ્ધ MGVCL



કચેરીએ વિરોધ થઈ રહ્યો છે. આ વિરોધમાં પ્રજાનું કહેવું છે કે પહેલાના સાદા મીટરમાં ૨૦૦૦ જેટલું બીલ આવતું હતું, પરંતુ સ્માર્ટ મીટર લગાવ્યા બાદ માત્ર ૧૫ દિવસમાં ૫ થી ૬ હજાર જેટલું બીલ આવે છે. આ સાથે ઘણા લોકોને આ સ્માર્ટ મીટરને લઈને ગ્રાહકોને વીજ બીલ માટે ડબલ ખર્ચ અને રીચાર્જની પણ સમસ્યા જોવા મળી છે. તો ઘણા ગ્રાહકોને તો રીચાર્જ પણ કરતા નથી આવડતું. ગ્રાહકોએ એવી પણ માંગ કરી છે કે, અમને અમારા જૂના મીટર પાછા આપો અને આ સ્માર્ટ મીટર કાઢી નાખો.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# દેશનાં વિકાસ માટે સ્થિરતા ખૂબ જરૂરી

દેશમાં લોકસભાની ચૂંટણીઓનું મહાપર્વ ચાલી રહ્યું છે. સંભાવના છે કે એક પક્ષની સરકાર સંપૂર્ણ બહુમતી સાથે સત્તામાં આવશે. સંપૂર્ણ બહુમતની સરકારો વાસ્તવમાં આપણી સંસદીય પ્રણાલીનું એવું ઉચ્ચતમ શિખર છે, જે પોતાના સ્વરૂપમાં રાષ્ટ્રપતિ પ્રણાલીવાળી શાસન પદ્ઘતિની અનુભૂતિ કરાવે છે. રાષ્ટ્રપતિ વ્યવસ્થામાં આમ જનતા સીધા રાષ્ટ્રપતિ માટે મત આપે છે. આપણી વ્યવસ્થા સંસદીય છે, પરંતુ વ્યવહારમાં તે રાષ્ટ્રપતિવાળી છે. આપણે નરેન્દ્ર મોદીને જ પ્રત્યેક ચૂંટણી ક્ષેત્રમાં લડતા જોઈ રહ્યા છીએ. ભાજપના નેતાઓ તેમના જ નામ પર મત માગી રહ્યા છે. એક સમયે નેહરુ અને ઈન્દિરાના નામે મત માગવામાં આવતા. આ વ્યવસ્થા અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણી જેવી જ છે. જેમ નેહરુ દેશમાં ગમે ત્યાંથી પણ લડીને ચૂંટણી જીતી શકતા હતા, એવી જ રીતે મોદી આજે ગમે ત્યાંથી લડીને જીતી શકે છે.

છેલ્લા સાત દાયકામાં દેશે સંસદીય પ્રણાલીનો અનુભવ કર્યો છે. તેની સીમાઓ સ્પષ્ટ થઈ રહી છે. તેમાં કેટલીક અસ્થિરતાનાં લક્ષણ હોય છે, જ્યારે વિકાસ માટે સ્થિરતા જરૂરી છે. સીમિત આબાદી અને સીમિત ક્ષેત્રફળના એક ભાષાભાષી, એક સાંસ્કૃતિક ધાર્મિક ક્ષેત્રીય સ્વરૂપના યુરોપીય દેશોમાં સંસદીય કે વેસ્ટમિંસ્ટર પ્રણાલી સુવિધાજનક વ્યવસ્થા હોઈ શકે છે, પરંતુ ભારત જેવા દેશમાં, જ્યાં બહુલતાઓ છે અને આ બહુલતાઓને રાષ્ટ્રીયતાના એક ધાગામાં પરોવી રાખવા એક મૂળભૂત રાષ્ટ્રીય આવશ્યકતા છે, ત્યાં દેશમાં અમેરિકી પ્રણાલી પર પણ ચર્ચાની જરૂર લાગી રહી છે.

સંસદીય પ્રણાલીની શરૂઆતમાં આપણે નેહરુ અને ઈન્દિરા જેવા સશક્ત વડાપ્રધાન જોયા છે તો સમયાંતરે વીપી સિંહ, ચંદ્રશેખર, દેવગૌડા, ચરણ સિંહ, ઈન્દ્રકુમાર ગુજરાલ જેવા કમજોર અને મજબૂર વડાપ્રધાન પણ જોયા. ગઠબંધનોના માધ્યમથી કોઈ પ્રકારે પોતાની સરકારને બચાવી રાખવી એ જ તેમની સૌથી મોટી ઉપલબ્ધિ હતી. કાશ્મીરી હિંદુઓના પલાયનને રોકવામાં અસહાય વીપી સિંહની પ્રાથમિકતા અલ્પસંખ્યક રાજકારણ હતું. રાજીવ ગાંધીને જેવી જ ગંધ આવી કે ચંદ્રશેખર રામજન્મભૂમિ મામલે સમજૂતી કરાવવાની નજીક છે, તો તેમણે ટેકો ખેંચી લીધો અને સરકાર ગબડાવી દીધી. દેશે મનમોહન સિંહ જેવા ગઠબંધન ધર્મને મજબૂરી ગણાવનારા વડાપ્રધાન પણ જોયા છે.

રાષ્ટ્રપતિ પ્રણાલીમાં બંધાયેલા રાષ્ટ્રપતિ ન હોઈ શકે. તેમાં વૈકલ્પિક કે બેજવાબદાર સત્તા કેન્દ્ર કે વિકાસ અસંભવ છે. સંસદીય પ્રણાલી સાથે સમસ્યા એ છે કે તેને રાષ્ટ્રીય નેતાઓની જરૂર નથી. દેશના વડાપ્રધાન એ જ બનશે, જેના પક્ષમાં અધિકતમ સાંસદો જૂથબંધ થાય. તેના માટે ઘણા પક્ષીય હિતોના ઘાત-પ્રતિઘાત, ક્ષેત્રીય અને વ્યક્તિગત સ્વાર્થોના સમાયોજનની યોગ્યતા જરૂરી છે. રાજીવ ગાંધી, દેવેગૌડા, ગુજરાલ અને મનમોહન સિંહ વગેરે સંઘર્ષમાંથી ઉપજેલાં રાષ્ટ્રીય વ્યક્તિત્વ ન હતાં. ગઠબંધન સરકારોએ દેશને પોતાના કદ અને ક્ષમતા અનુરૂપ ઊભો જ ન થવા દીધો. નેહરુ ગઠબંધન રાજનીતિના દબાણથી મુક્ત હતા. તેનો ઉપયોગ તેમણે સમાજવાદી વિકાસ મોડેલને ઢાળવામાં અને પંચવર્ષીય યોજનાઓમાં ખપાવ્યો. આ પ્રકારે દેશને એક સશક્ત ઔદ્યોગિક આધાર આપવાનું કામ કર્યું. હાલમાં નરેન્દ્ર મોદી પણ ગઠબંધનના દબાણની મજબૂરીઓથી મુક્ત છે. તેનું પરિણામ આપણે છેલ્લા દસ વર્ષોમાં પ્રભાવશાળી થઈ રહેલા ભારત રૂપે જોઈ રહ્યા છીએ. આ બંને નેતાઓનું રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વ્યક્તિત્વ એવું રહ્યું કે તેમણે વડાપ્રધાન પદની સીમાઓથી આગળ જઈને તેને ગરિમા પ્રદાન કરી. ગઠબંધન સરકાર ચલાવનારા મોટાભાગના વડાપ્રધાનોએ જાતજાતની બાંધછોડ કરવી પડી.

આપણે ત્યાં સક્ષમ રાષ્ટ્રીય નેતાઓના અભાવનું મુખ્ય કારણ એ છે કે સંસદીય પ્રણાલી રાષ્ટ્રીય નેતૃત્વના વિકાસની અપેક્ષા જ નથી કરતી. આ જ કારણે કેટલાક નેતાઓ એકાએક વડાપ્રધાન બની ગયા, જેમની દેશે ક્યારેય કલ્પના પણ નહોતી કરી. આખરે કોણે વિચાર્યું હશે કે દેવેગૌડા, ગુજરાલ કે મનમોહન સિં ક્યારેય વડાપ્રધાન બનશે? ગઠબંધન સરકારો વાસ્તવમાં રાજકીય સોદાબાજી કરનારા નેતાઓ માટે જ હિતકારક હોય છે, જ્યારે ૧૪૦ કરોડની આબાદીનો વિશાળ દેશ એવી વ્યવસ્થા ઈચ્છે છે, જે તેની સમગ્ર શક્તિ અને ક્ષમતાઓને અભિવ્યક્તિ આપી શકે. તેથી દેશને પૂર્ણ બહુમતીની સશક્ત સરકારની અપેક્ષા હોય છે. એવી જ સરકાર રાષ્ટ્રીય હિત સાથે જોડાયેલા દાયિત્વોને પૂર્ણ કરવામાં સક્ષમ હોય છે. ભારતીય લોકતંત્ર પોતાની સમસ્ત શક્તિ એકત્રિત કરીને પોતાના આદર્શ નેતૃત્વને વધુને વધુ જેટલો અધિકાર આપી શકે છે, તે એક અમેરિકી રાષ્ટ્રપતિને સ્વાભાવિક રૂપે ઉપલબ્ધ છે. સંસદીય પ્રણાલીમાં ગઠબંધન રાજનીતિ, રાજકીય તડજોડની કમજોરીઓ બાહ્ય દખલની આશંકાઓ વધારે છે. મિત્રોખિન આર્કાઈવ્ઝ ભારતીય રાજકારણમાં સોવિયેત સંઘની દખલનો આંખો ખોલનારો દસ્તાવેજ છે.

રાષ્ટ્રપતિ પ્રણાલી કોઈ જાદુઈ છડી પણ નથી, જે તાત્કાલિક બધું સુધારી દેશે. તેથી વ્યવસ્થાના ચોકીદારોએ જાગતા રહેવું જરૂરી છે. સંસદીય પ્રણાલી સત્તામાં ભાગીદારીની સંભાવના વધારે છે, પરંતુ આપણે ત્યાં જાતિ, સંપ્રદાય, ક્ષેત્રીય સમૂહો, દબંગો અને ભ્રષ્ટતંત્રના હિતસાધકો અને અલગતાવાદીઓની ભાગીદારી વધારવા લાગે છે. કેટલાય પ્રાદેશિક પક્ષોમાં તો સમગ્ર રાષ્ટ્રીય દૃષ્ટિ પણ નથી હોતી. ભારતની અખંડતા તેમના માટે મહત્ત્વનો મુદ્દો જ નથી હોતી. તેઓ કેટલીય વાર તો વિદેશ નીતિને પણ પોતાના હિસાબે ચલાવવાની કોશિશ કરે છે. રાષ્ટ્રપતિ પ્રણાલી દેશના નાગરિકો પાસે સક્ષમ રાષ્ટ્રીય નેતૃત્વ વિકસિત કરવાની અપેક્ષા રાખે છે, તેથી દેશે ઉત્તરથી દક્ષિણ, પૂર્વથી પશ્ચિમ સુધી જોડનારા નેતૃત્વના સક્ષમ ચરિત્ર રાષ્ટ્રીય ફલક પર દેખાવા લાગશે. તેમની સંસ્કૃતિની, ભાષાની સમજ બહેતર થશે. તેઓ ક્યારેક બંગાળમાં, ક્યારેક તમિલનાડુમાં, ક્યારેક વનવાસીઓ તો ક્યારેક તમિલ માછીમારો વચ્ચે રેહનારા હશે. ત્યારે દેશમાં એ રાષ્ટ્રીય કર્મઠ અને સમર્પિત નેતૃત્વ આકાર લેશે, જેની દૃષ્ટિ સમસ્ત દેશને સમાહિત કરતી હશે. સારું થશે કે રાજકીય ખાનદાનો અને પ્રાદેશિક નેતાઓના દિવસો ખતમ થઈ જશે. દેશનું ધ્યાન પોતાના તરફ ખેંચનારો કોઈ નેતા જ્યારે રાષ્ટ્રપતિ શૈલીમાં ચૂંટણી લડશે તો દેશના ગામે-ગામ તેને વોટ આપનારા મળશે અને પછી રાષ્ટ્રીય નેતૃત્વના વિકાસની રાહ સ્વાભાવિક રીતે પ્રશસ્ત થશે.

# સોમનાથના રમણીય સાગર કાંઠે કાળઝાળ ગરમીમાં ઉમટયો પર્યટકોનો ધસારો

## સોમનાથ આસપાસ તીર્થયાત્રા સાથે દરિયાની મોજમજાની અનોખી અનુભુતિ





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરે ઉનાળુ વેકેશન, કાળઝાળ ગરમી અને સમર પ્રવાસના ક્રેઝને કારણે સોમનાથ અને સોમનાથના દરિયા કાંઠે પ્રવાસીઓ ઉમટયા છે. કોઈ દરિયામાં પગ ઝબોળે કોઈ સ્નાન પણ કરે પરંતુ મોટાભાગના કિનારા ઉપર કેમલ સ્વારી, હોર્ષ રાઈડીંગ, સી-સેલ્ફી અને પ્રવાસની સ્મૃતિરૂપ ફોટોગ્રાફી કરે કે પડાવે તો કોઈ શાંતચિતે પરિવાર સાથે સાગર કિનારે બેસી અલકમલક વાતો કરે કે નાસ્તા કે પાણીપુરી ઝાપટે. સોમનાથના મોટાભાગના અતિથીગૃહો લગભગ હાઉસફુલ રહે છે. સોમનાથ મુકામ રાખી કેટલાક પ્રવાસી પરિવારો સાસણ સિંહ દર્શન અને દિવ તથા તુલસીશ્યામ તરફ પ્રયાણ કરે છે. સોમનાથ દરિયા કિનારે અને મંદિર આસપાસ સુરજના આકરા તાપ સામે રક્ષણ કવચ આપતા ગોગલ્સ ચશ્મા વેચનારાઓ, માથા ઉપર તાપ ન લાગે તે માટે ભાત-ભાતની કેપ વેંચનારાઓ, ગરમીનું અમૃતપીણું એટલે લીલા નાળીયરનું પાણી વેંચનારાઓ, શેરડીના રસના ચીચોડાઓ ધમધમી રહ્યા છે. પીવાના પાણીની ઠંડી બોટલો તો દિવસની ઢગલાબંધ વેંચાય છે. પ્રસાદ ભોજનાલયમાં લાંબામાં લાંબી લાઈનો લાગે છે. આવા આકરા તાપમાં પરપ્રાંતના આબાલ-વૃધ્ધ તીર્થયાત્રીઓનો સમુહ દિવસભર સોમનાથ આવતો રહે છે. પર્યટકો પોતાના સંતાનો કે પરિવારજનોને કેમલ સ્વારી કે હોર્ષ સ્વારી કરાવી વેકેશનનો આનંદ માણે છે. પર્યટકોને કારણે રીક્ષા ધારકોને તડાકો પડયો છે. કારણ કે સોમનાથ રેલ્વે સ્ટેશન છેલ્લા બે વરસથી રી-ડેવલોપમેન્ટ કારણે બંધ છે. જેથી પ્રવાસીઓને વેરાવળ રેલ્વે સ્ટેશનથી રીક્ષામાં વેરાવળથી સોમનાથ આવવું પડે છે. ટુર સંચાલકોને તથા ટ્રાવેલ્સ બુકીંગ એજન્ટોને પણ આ સિઝનમાં સારો આશાવાદ છે. તો સોમનાથ મંદિર આસપાસ ચંદન-કંકુના તિલક કરનારાને સારી રોજીરોટી મળી રહેતી હોઈ જેથી મોટો સમુદાય સોમનાથ મંદિર પાસે કાયમી ઉમટી રહે છે. દરમ્યાન સોમનાથના દરિયામાં દરિયાની મોજ માણતા વેકેશનમાં તણાઈ ડુબી જવાના અને મરણ થવાના અનેકો બનાવો નોંધાયા છે. જેમાં મોટાભાગના પ્રવાસીઓ ભોગ બને છે અને દરિયામાં ચોમાસા પુર્વેનો કરંટ હોય છે અને જોખમી હોય છે માટે દરિયામાં પગ બોળવા કે સ્નાન કરવા જવું નહી અને તે જોખમી પણ છે અને જેને માટે સરકાર તરફથી જાહેરનામું પણ કાયમી ધોરણે પ્રવાસીઓની સલામતી માટેનું છે તેનું પાલન કરવું જરૂરી છે.

# છોડવડી ગામે ગૌ કથા મહોત્સવ અને સંતોની ધર્મસભા યોજાઈ

## જામકંડોરણા ગૌરક્ષા સેવા સમિતિ દ્વારા પૂ. ભગવતીદાસ બાપુનું સન્માન કરાયું



(હરપાલસિંહ દ્વારા)

જામકંડોરણા તા.૨૦

ભેંસાણ તાલુકાના છોડવડી ગામે ગિરનારની ગોદમાં શ્રી રાધેશ્યામ ગૌશાળા ખાતે પ.પૂ.શ્રી શ્રી મહામંડલેશ્વર ભગવતીદાસ બાપુના સાનિધ્યમાં ગૌ માતાને રાષ્ટ્રમાતા જાહેર કરવા ચાલતા ગૌ કથા મહોત્સવ અને સંતો-મહંતોની ધર્મસભામાં હાજરી આપી હતી. પ.પૂ.મહામંડલેશ્વર શ્રી શ્રી ભગવતીદાસ બાપુના હસ્તે સન્માનિત થઈને ધન્યતા અનુભવી હતી. જામકંડોરણા ગૌરક્ષક સેવા સમિતિની ટીમએ પૂ.ભગવતીદાસ બાપુનું સાલ ઓઢાડી સન્માન કર્યું હતું. અનેક સંતો મહંતો હાજર રહ્યા હતા. જામકંડોરણાથી ગૌસેવક દિલીપભાઈ કોયાણિ, સુરેન્દ્રસિંહ વાળા, નાગદેવસિંહ જાડેજા, ભરતભાઈ સતાસિયા, જીતુભાઈ પેથાની, ધીરૂભાઈ અમીપરા, વિમલભાઈ વોરા ઉપસ્થિત રહ્યા હતા.

# સીમર ગામે સમસ્ત દશનામ ગૌસ્વામી સાધુ સમાજના હોદ્દેદારોનું બહુમાન



(નવીન જોષી દ્વારા)

ઉના તા.૨૦

ઊના તાલુકાના સીમર ગામે સમસ્ત દશ નામ ગોસ્વામી સાધુ સમાજ ની શિવમહાપુરાણ જ્ઞાન યજ્ઞ ચાલી રહ્યો છે અને કથા કાર રાજુ ગિરિ બાપુ કથાનું રસ પાન કરવી રહિયા છે અને આ કથા મા સમગ્ર ઊના તાલુકા માંથી લોકો મોટી સંખ્યામાં હાજરી આપી રહયા છે. આ પ્રસંગે ઊના તાલુકાના ગોસ્વામી સાધુ સમાજ ના અધ્યક્ષ તરીકે શ્રી, સુંદર પૂરી કાનપુરી ગોસ્વામી અને પ્રમુખ તરીકે રાજેશ ભારથી કિશોર ભારથી ગોસ્વામી ની વરણી કરવામાં આવી હતી અને સ્મૃતિ ભેટ આપી બહુમાન કરવામાં આવ્યું હતું.

## વિદ્યાર્થીઓને પુસ્તક આપવાનું શરૂ કરી દેવાયુ

# ધોરણ ૯ થી ૧૨માં ટ્રાફિક શિસ્ત અને ગીતાનાં પાઠ ભણાવાશે

## ૩૦મી મે સુધી પુસ્તકો શાળામાં પહોંચી જાય તેવી વ્યવસ્થા કરવાનું આયોજન કરવામાં આવ્યું છે

અમદાવાદ,તા.૨૦

રાજ્ય સરકાર દ્વારા જૂન ૨૦૨૪થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓને પુસ્તક આપવાનું શરૂ કરી દેવાયું છે. ૩૦મી મે સુધી પુસ્તકો શાળામાં પહોંચી જાય તેવી વ્યવસ્થા કરવાનું આયોજન કરાયું છે.

મહત્વનું છે કે શહેરોમાં સર્જાતી ટ્રાફિક સમસ્યાને લઈ નાગરિકોમાં ટ્રાફિક અંગે સમજ કેળવાય તે હેતુથી પ્રથમ વખત ધોરણ ૯ અને ૧૦માં ટ્રાફિકનું પ્રકરણ ઉમેરવામાં આવ્યું છે.

ગુજરાત પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ધોરણ ૯ અને ૧૦માં સામાજીક વિજ્ઞાનમાં અને ધોરણ ૧૧ અને ૧૨માં ગુજરાતી માધ્યમમાં રોડ સેફ્ટી અંગે ચેપ્ટર ઉમેરવામાં આવ્યુ છે. જેમાં વાહનચાલકે ખઈ બાજુ વાહન ચલાવવું, સીટ બેલ્ટ પહેરવું, વાહન પાર્ક કરતી વખતે રાખવામાં આવતી સાવચેતી સહિતનું વર્ણન કરવામાં આવ્યું છે. ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવાની વય મર્યાદા, લેન ડ્રાઈવિંગ, ચોકડી, ગોળાઈ, વાહન ઓવરટેક કઈ રીતે કરવું, તેની માહિતી આપી મહત્વ પણ સમજાવવામાં આવ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા શ્રીમદ ભગવદ ગીતાના પાઠ તબક્કાવાર અભ્યાસક્રમમાં દાખલ કરવામાં આવ્યો છે.

ધોરણ ૬થી ૮ બાદ હવે ધોરણ ૧૧ અને ૧૨માં માત્ર ગુજરાતી માધ્યમમાં શ્રીમદ ભગવદ ગીતાના પ્રકરણને ઉમેરવામાં આવ્યું છે. આગામી સત્રથી નવા પાઠ્ય પુસ્તકો અમલમાં આવશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

આફતના સમયે ધીરજ નહીં ગુમાવવી જોઈએ

- કાલિદાસ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.દએ-૧૩૯૩, મુ. જિલ્કાદ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, વૈશાખ સુદ-૧૨ સોમ પ્રદોષ તા.૨૦ મે ૨૦૨૪, સોમવાર, પારસી તા.૯, મુસ્લિમ તા.૧૧, ચિત્રા નક્ષત્ર, સિધ્ધિ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૦૯, સૂ.અ.૭:૨૬

આજનો દિવસ મધ્યમ છે

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ), સાંજે ૪:૩૩ ક. પછી જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

# સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા. ૨૦-૦૫-૨૦૨૪ થી ૨૬-૦૫-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમ્યાન સંબંધો મજબુત બનતા અનુભવાય. નાણાંકીય રોકાણનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. કોઈ વિશિષ્ટ મૂલ્યવાન વસ્તુની ખરીદી થાય અથવા પ્રાપ્તિ થાય, આર્થિક ક્ષેત્રે મિશ્ર ફળદાયી સમય છે. તેમ છતાં તમને મહેનતના પ્રમાણમાં સારોએવો નાણાંકીય લાભ મળી રહે, અગત્યના કાર્યમાં વિલંબ બાદ સફળતા મળે પરંતુ મિલન-મુલાકાતમાં અણધારી સફળતા મેળવશો. આ સમય દરમિયાન વ્યર્થ જીદ ટાળવી

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન તમે તેમારી પ્રવૃત્તિઓમાં આગળ વધી શકશો. દ્રઢ મનોબળ અને મક્કમતાથી મળતા ઉત્સાહ વધે. આ સમય દરમિયાન કોઈપણ પ્રકારના સાહસમાં નાણાં ન રોકવા હિતાવહ. નુકશાની અને વ્યયના યોગ છે. શેર-સટ્ટાથી દૂર રહેવું, નોકરીમાં સફળતા મળે. જીવનસાથી સાથે લાગણીનું ઘર્ષણ થાય. પરંતુ મનને શાંત રાખવા કોશિષ કરવી અને ધીરજથી કામ લેવું. અકસ્માતથી સાચવવું, તબિયત એકંદરે સારી રહે.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

ભૌતિક કાર્યમાં મિશ્ર પરીણામો પ્રાપ્ત કરી શકશો. મનમાં ચંચળતા રહેશે તેથી અગત્યના કાર્યોમાં નહીંવત સફળતા મળે તેવો સંભવ છે. જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું. વાણી ઘર્ષણ ટાળવો, નાણાંનો લાભ રોકી શકવામાં નિષ્ફળ રહે. પારિવારીક સુખમાં ઓટ આવેલી અનુભવાય. અલબત્ત જીવનસાથી તરફથી વિશેષ લાગણી પ્રાપ્ત કરી શકશો. ખોવાયેલી વસ્તુ અચાનક મળી જવા સંભવ છે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વ્યસ્ત રહેવાય. સફળતા માટે મહેનત વધારવી અનિવાર્ય છે, ધીરજપૂર્વક કાર્ય કરવો હિતાવહ. આવક-જાવકનું પાસુ આ સમય દરમિયાન સરભર રહે. સાસરાપક્ષ તરફથી નાનો લાભ મળે. ભાઈ-બહેનના કાર્યમાં સફળતા મળે. આધ્યાત્મિક ક્ષેત્રે આ સમય દરમિયાન અભિરૂચી વધે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સમય દરમિયાન પ્રવૃત્તિ ઉપર નિયંત્રણ રાખવો જરૂરી બને અન્યથા નુક્શાની ભોગવવી પડે. પારિવારીક સુરક્ષા માટે જાગ્રુતિ કેળવવી હિતાવહ છે. વિરોધી વર્ગ પ્રબળ બને. કાર્યબોજમાં વધારો થાય, આર્થિક સમસ્યા હળવી બને પરંતુ નાણાંકીય રોકાણ ટાળવું હિતાવહ. પ્રવાસ-મુસાફરીના યોગ નકારી શકાય નહીં. જૂના રોકાયેલા નાણાં છૂટા થાય. માનસિક તનાવમાંથી સપ્તાહના અંતે મૂક્ત થઈ શકશો.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન નોકરીયાત વર્ગને અધિકારી વર્ગ સાથે વાદ-વિવાદ થાય. ધંધાદારી વર્ગને સમસ્યા રહે. રચનાત્મક કાર્યમાં પ્રગત્તિ થાય.જીવનસાથી સાથે મતભેદ રહે. નવિન ઓળખાણ લાભદાયી નીવડે. પારિવારીક કાર્યમાં વ્યસ્ત રહેવાય. સ્વજનથી મનદુઃખ રહે. ધાર્મિક કાર્યમાં ધન વપરાય.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન વિરોધી વર્ગથી સાવધ રહેવું. વિશ્વાસે વહાણ ન ચલાવવું હિતાવહ. વાણી સંયમ જાળવવું અને કાર્યક્ષેત્રમાં રહેવું. જમીન-જાયદાદને લગતા કાર્યમાં સફળતા મળતી જણાય. જીવનસાથી સાથે સમસ્યા ટળી શકશે.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન વ્યવસાયિક લાભના પ્રયાસોમાં સફળતા મેળવી શકશો. જીવનસાથીના આરોગ્ય અંગે સાવચેતી રાખવી. મનમાં પ્રસન્નતા રહે. નાણાંકીય સંજોગો સુધરતા જણાય. ધીરજપૂર્વક કાર્ય કરતા રહેવાથી સફળતા મેળવી શકશો. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મેળવી શકશો. વ્યર્થ પરેશાનીમાંથી મૂક્તિ મળે. આત્મવિશ્વાસમાં વધારો થાય. મિત્ર-વર્તુળની મદદ મળે.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આર્થિક ક્ષેત્રે પ્રગતિકારક સમય છે. મનની મનોકામના સિધ્ધ થાય. જૂના સંબંધો લાભ આપી જાય. કોઈ ગેરસમજના ભોગ ન બની જવાય તેની તકેદારી રાખજો. કોઈ સંકટ દૂર થાય. નવા કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સંતાન વર્ગ અંગે ચિંતા રહે. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. જીવનસાથી કે વડીલવર્ગના આરોગ્ય અંગે ચિંતા રહે. અનિચ્છનીય યાત્રા-મુસાફરી કરવી પડે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન પારિવારીક કાર્યમાં બોજો ઘટે. મનમાં પ્રફુલિતતા રહે. વડીલવર્ગની સાહસિક કાર્યમાં મદદ મેળવી શકશો. નવિન યોજનાના આયોજનમાં સ્નેહિજનોની મદદ મળે. જીવનસાથી તરફથી અગત્યના કાર્યોમાં સહયોગ પ્રાપ્ત કરી શકશો. સામાજિક ક્ષેત્રે કાર્યમાં પ્રબળતા રહે. મોસાળ પક્ષ તરફથી અનેરો લાભ થાય. નાણાંકિય પરિસ્થિતિમાં ધરખમ સુધારો થતો જોવા મળે.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ દરમિયાન મહત્વની બાબતો અંગે માનસિક ટેન્શન જણાય. આમ, વિશ્વાસ ડગી જાય મનની મુરાદ બર ન આવે. જો કે, જીવનસાથી તરફથી ભરપૂર સહયોગ પ્રાપ્ત કરી શકશો. પારિવારીક કાર્યમાં અતિ વ્યસ્ત રહેવાય. અપયશના ભાગીદાર ન બનાય તેની સાવચેતી રાખશો. યાત્રા-પ્રવાસ દરમિયાન હાનિનો સંભવ છે જેથી બને તેટલી સાવચેતી રાખવી અન્યથા તેના ગંભીર પરીણામો ભોગવવા પડે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સમય દરમિયાન મકાન-વાહન સંબંધિત ચિંતા દૂર થાય. સંપત્તિને લગતી સમસ્યાનો ઉકેલ મળે. પારિવારીક જવાબદારીમાં વધારો થતો જોવા મળે. તમારી અપેક્ષા પ્રમાણે આર્થિક લાભ મેળવી શકશો. નવા રોકાણ, નવા સાહસ, નવા કાર્યના પ્રારંભ કરવા માટે સાનુકૂળ સમય છે. ધાર્મિક કાર્યમાં મન પરોવાય. વિરોધીવર્ગ પ્રબળ બને પરંતુ તેને ધારી સફળતા ન મળે.

# લોકસભા ચૂંટણીના પ્રથમ ચાર તબક્કામાં સરેરાશ ૬૬.૯૫ ટકા મતદાન નોંધાયું : ECI

નવી દિલ્હી, તા.૨૦

ભારતીય ચૂંટણી પંચ (ECI)એ તાજેતરમાં જણાવ્યું હતું કે, લોકસભા ચૂંટણીના પ્રથમ ચાર તબક્કામાં કુલ મતદાન લગભગ ૬૬.૯૫ ટકા નોંધાયું હતું. ECIએ એક સંદેશમાં જણાવ્યું હતું કે, 'ચાલી રહેલી લોકસભા ચૂંટણી ૨૦૨૪માં પ્રથમ ચાર તબક્કા દરમ્યાન અંદાજે ૪૫.૧ કરોડ લોકોએ મતદાન કર્યુ હોવાને કારણે અત્યાર સુધીમાં લગભગ ૬૬.૯૫ ટકા મતદાન થયું છે.' લોકસભાની ચૂંટણી ૧૯મી એપ્રિલથી ૧લી જૂન વચ્ચે સાત તબક્કામાં યોજાઈ રહી છે. પ્રથમ તબક્કાનું મતદાન ૧૯મી એપ્રિલે, જેમાં ૬૬.૧૪ ટકા, બીજા તબક્કાનું ૨૬મી એપ્રિલે, જેમાં ૬૬.૭૧ ટકા, ત્રીજા તબક્કાનું ૭મી મેના રોજ, જેમાં ૬૫.૬૮ ટકા અને ચોથા તબક્કાનું મતદાન ૧૩મી મેના રોજ, જેમાં ૬૭.૨૫ ટકા મતદાન નોંધાયું હતું. સામાન્ય ચૂંટણીઓમાં મતદાન વધારવાના તેના આઉટરીચના ભાગરૂપે ECIએ જણાવ્યું હતું કે, તેણે મતદારોને તેમનો મત આપવા માટે પ્રોત્સાહિત કરવા માટે ઘણી પહેલ કરી છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવકુમારે ચૂંટણી કમિશનરો જ્ઞાનેશકુમાર અને સુખબીરસિંહ સંધુ સાથે મળીને પાંચમા, ૬મા અને ૭મા તબક્કામાં મતદાન કરવા જઈ રહેલા રાજયોના સીઈઓને તમામ મતદારોને સમયસર મતદાર માહિતી સ્લિપનું વિતરણ કરવા અને આઉટરીચ પ્રવૃત્તિઓ વધારવા માટે નિર્દેશ આપ્યો હતો. કુમારે કહ્યું હતુ કે, 'કમિશન દ્રઢપણે માને છે કે, ભાગીદારી અને સહયોગ એ મતદાર જાગૃતિ કાર્યક્રમના આવશ્યક આધારસ્તંભ છે. તે જોઈને ખરેખર આનંદ થાય છે કે, કમિશનની વિનંતી ઉપર, વિવિધ સંસ્થાઓ, પ્રભાવકો અને નોંધપાત્ર પહોંચ ધરાવતી હસ્તીઓ પ્રો-બોનો ધોરણે ઉત્સાહપૂર્વક કામ કરી રહી છે.' ECIએ વધુમાં જણાવ્યું કે, 'ભારત સંચાર નિગમ લિમિટેડ, ભારતી એરટેલ લિમિટેડ, જિયો




ટેલિકોમ્યુનિકેશન, વોડાફોન-આઈડિયા લિમિટેડ જેવા ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર્સ, સંબંધિત સંસદીય મતવિસ્તારના દરેક મોબાઈલ યુઝર સુધી પુશ એસએમએસ/ફ્લેશ એસએમએસ, આઉટબાઉન્ડ ડાયલિંગ કોલ, RCS (રિચ કોમ્યુનિકેશન સર્વિસીસ) મેસેજિંગ અને વ્હોટ્સએપ સંદેશાઓ દ્વારા મોબાઈલ યુઝર સુધી પહોંચે છે. આ પ્રવૃત્તિઓ મતદાનના બે-ત્રણ દિવસ પહેલાં અને મતદાનના દિવસે પણ પ્રાદેશિક ભાષાઓમાં મતદાન કરવાની અપીલ સાથે હાથ ધરવામાં આવે છે. આથી જો તમને ક્રિકેટના દિગ્ગજ અને ECIના રાષ્ટ્રીય આઈકન સચિન તેંડુલકરનો કોલ આવે તો નવાઈ પામશો નહીં કે, જે મતદારોને ચાલી રહેલી લોકસભા ચૂંટણી દરમ્યાન તેમનો મત આપવા માટે અપીલ કરે છે.' ECI દ્વારા લેવામાં આવેલી પહેલોમાં IPL મેચો દરમ્યાન મતદાર જાગૃતિનો સમાવેશ થાય છે. ECIએ ચાલુ IPL સિઝન દરમ્યાન મતદાર જાગૃતિ પ્રવૃત્તિઓ માટે BCCI સાથે સહયોગ કર્યો છે. ક્રિકેટ મેચ દરમ્યાન વિવિધ સ્ટેડિયમમાં મતદાર જાગૃતિ સંદેશ અને ગીતો વગાડવામાં આવે છે. મતદાન પેનલે મતદારોને આગામી ત્રણ તબક્કામાં મોટી સંખ્યામાં બહાર આવવા અને તેમના મતાધિકારનો ઉપયોગ કરવા હાંકલ કરી હતી.

# હું એ સુનિશ્ચિત કરીશ કે કોર્ટરૂમની અંદર રાજકારણ ન આવવું જોઈએ : કપિલ સિબ્બલ

(એજન્સી) તા.૨૦

રાજ્યસભાના સાંસદ અને વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન (SCBA)ના પ્રમુખ પદ માટે ચૂંટણી લડી રહ્યા છે. આ પદ તેઓ છેલ્લા ત્રણ દાયકામાં ત્રણ વખત સંભાળી ચૂક્યા છે. ધ ઈન્ડિયન એક્સપ્રેસને આપેલા ઈન્ટરવ્યુમાં સિબ્બલે કહ્યું કે તેઓ એ સુનિશ્ચિત કરવા ઈચ્છે છે કે કોર્ટરૂમમાં રાજકારણ ન કરવામાં આવે. અમારી વિચારધારા એ ભારતનું બંધારણ છે. કાયદાના શાસનને જાળવી રાખવા અને નાગરિકોને રાજ્યના અતિરેકથી બચાવવા માટે વિશ્વના ઈતિહાસમાં દરેક સરકાર હંમેશા કાયદા દ્વારા અપાયેલી સત્તાઓનો ઉપયોગ કરતી હોય છે. અને વકીલો નાગરિકોની સુરક્ષા માટે છે. આ એકમાત્ર વિચારધારા છે અને મને નથી લાગતું કે આપણે તેમાં રાજકારણ લાવવું જોઈએ. હું ક્યારેય રાજકારણ લાવ્યો નથી. હું એ સુનિશ્ચિત કરવાનો ઈરાદો રાખું છું કે આવું ન થવું જોઈએ. SCBAની ચૂંટણી ૧૬ મેના રોજ યોજાવાની છે અને ટોચના હોદ્દા માટેના દાવેદારો વર્તમાન પ્રમુખ આદિશ અગરવાલા, ઉપપ્રમુખ પ્રદીપ રાય અને વરિષ્ઠ વકીલ પ્રિયા હિંગોરાની છે. સિબ્બલે ગયા વર્ષે બારમાં ૫૦ વર્ષ પૂર્ણ કર્યા હતા, તેઓ ભૂતકાળમાં-૧૯૯૫-૧૯૯૬, ૧૯૯૭-૧૯૯૮ અને ૨૦૦૧-૨૦૦૨-માં ત્રણ વખત SCBAના પ્રમુખ રહી ચૂક્યા છે. તેમણે કહ્યું કે, હું ન્યાયતંત્ર અને સંસ્થા પ્રત્યે પ્રતિબદ્ધ છું. આ મારૂ જીવન છે, તમે જાણો છો. આ કોર્ટમાં મને ૫૦ વર્ષ થયા છે, તે ઘણો લાંબો સમય છે. હું ઈચ્છું છું કે કોર્ટનો વિકાસ થાય. હું ઈચ્છું છું કે આ દેશના દરેક નાગરિકને ન્યાય સંસ્થામાં વિશ્વાસ હોય. સિબ્બલે જણાવ્યું હતું કે, સમસ્યા એ છે કે અત્યંત અસ્થિર રાજકીય કેસનો નિર્ણય કોર્ટ દ્વારા લેવાનો છે. તમે સંક્ષિપ્તમાં દલીલ કરી છે તેનો અર્થ એ નથી કે તમે તે વિચારધારા સાથે જોડાયેલા છો. તે દુર્ભાગ્યપૂર્ણ છે કે જો તમે કોઈ સંસ્થા અથવા સમુદાયનું પ્રતિનિધિત્વ કરો છો, તો તેઓ વિચારે છે કે તમે ફકત તે સમુદાયને સમર્થન આપી રહ્યાં છો. તે સાચું નથી. માર્ચમાં, દિલ્હી એકસાઈઝ પોલિસી કેસમાં ઈડી દ્વારા ધરપકડ કરાયેલ BRS નેતા કે કવિતાની જામીનની સુનાવણી દરમ્યાન સિબ્બલે સુપ્રીમ કોર્ટને કહ્યું હતું કે જ્યારે આ કોર્ટનો ઈતિહાસ લખવામાં આવશે, ત્યારે આ સુવર્ણ સમયગાળો નહીં હોય. સિબ્બલે કહ્યું કે મને લાગે છે કે કોર્ટ અને સિસ્ટમને ઘણું આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે. વિવિધ સ્તરે સમસ્યાઓ છે. મને નથી લાગતું કે મારા માટે તેમાંથી દરેકનું વર્ણન કરવું યોગ્ય છે. તેથી, હું માનું છું કે આ કોર્ટનો સુવર્ણ યુગ નથી. બારે તેની પોતાની જવાબદારીઓ અને ન્યાયાધીશોના આદરની વર્તણૂક વિશે જાણવું જોઈએ. મને લાગે છે કે બાર અને બેંચ એક જ સિક્કાની બે બાજુ છે અને સ્વતંત્ર બારને લીધે જ સ્વતંત્ર ન્યાયતંત્ર છે. આખરે, ન્યાયતંત્રની સ્વતંત્રતા કાયદાના શાસન માટે મૂળભૂત છે. SCBAના વર્તમાન પ્રમુખ અગ્રવાલે એપ્રિલમાં ''ન્યાયતંત્રની સ્વતંત્રતા માટેના જોખમને રોકવા'' માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એક પત્ર લખ્યો હતો. તેમણે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને સુપ્રીમ કોર્ટના ઈલેક્ટોરલ બોન્ડના ચુકાદાના અમલને રોકવા માટે પણ પત્ર લખ્યો હતો. રાજનીતિ વિશે પૂછવામાં આવતા સિબ્બલે કહ્યું કે રાજકારણ કોર્ટરૂમની બહાર હોવું જોઈએ. વકીલ એ પહેલા વકીલ હોય છે. બંધારણના મૂલ્યો પ્રત્યે તેમની ફરજ છે. અમારામાંથી કેટલાક રાજકારણીઓ પણ છે પરંતુ અમે બારમાં રાજકારણ લાવી શકતા નથી. અમે બારથી સ્વતંત્ર રહીને અમારી રાજનીતિ કરી શકીએ છીએ.

# સાઈબર ગુનાઓ અંગે WhatsApp અને Skype કોલ્સ બાબતે સરકારે ચેતવણી જારી કરી

(એજન્સી) તા.૨૦

ગૃહ મંત્રાલયે પોલીસ અધિકારીઓ પછી હવે સાયબર ગુનેગારો દ્વારા 'ડિજિટલ ધરપકડ' કૌભાંડ અંગે ચેતવણી આપી છે. છેતરપિંડી કરનારાઓ નકલી પાર્સલ ડિલિવરી અથવા નકલી ધરપકડ જેવી વિવિધ યુક્તિઓનો ઉપયોગ કરે છે. ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર છેતરપિંડીની પ્રવૃત્તિઓને રોકવા અને સોશિયલ મીડિયા ઉપર ચેતવણીઓ આપવા માટે માઈક્રોસોફ્ટ સાથે સહયોગ કરી રહ્યું છે. આ અંગે સતર્ક રહેવું જોઈએ અને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિની જાણ કરવી જોઈએ. દેશમાં વધતા જતાં સાયબર ગુનાઓ અંગે ભારત સરકાર આ એક નવા પ્રકારની ઓનલાઈન છેતરપિંડી સામે ચેતવણી આપી રહી છે જેને 'ડિજિટલ ધરપકડ' તરીકે ઓળખવામાં આવે છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે પીડિતો પાસેથી પૈસા પડાવવા માટે પોલીસ અધિકારીઓ તરીકેનો ઢોંગ



કરતા સાયબર ગુનેગારો સામે ચેતવણી જારી કરી છે. મંત્રાલયનું કહેવું છે કે તેને નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (NCRP) ઉપર પોલીસ ઓથોરિટી, સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI), નાર્કોટિક્સ વિભાગ, ભારતીય રિઝર્વ બેંક (RBI), એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ અને અન્ય કાયદા અમલીકરણ એજન્સીઓ તરીકે દર્શાવતા સાયબર ગુનેગારો દ્વારા ધાકધમકી, બ્લેકમેલ, ખંડણી અને 'ડિજિટલ ધરપકડ' અંગે મોટી સંખ્યામાં ફરિયાદો મળી છે.

**ડિજિટલ ધરપકડ શું છે અને આ કૌભાંડ કેવી રીતે કામ કરે છે ?**

આ સાયબર ગુનેગારોની મોડસ ઓપરેન્ડી અંગે મંત્રાલયે કહ્યું છે કે આ છેતરપિંડી કરનારાઓ સામાન્ય રીતે સંભવિત પીડિતને કોલ કરે છે અને માહિતી આપે છે કે તેણે ગેરકાયદે સામાન, ડ્રગ્સ, નકલી પાસપોર્ટ અથવા અન્ય કોઈપણ પ્રતિબંધિત આઈટમ ધરાવતું પાર્સલ મોકલ્યું છે અથવા તે પ્રાપ્તકર્તા છે. તેઓ પીડિતને એ પણ જાણ કરી શકે છે કે તેમના પરિવારના કોઈ સભ્ય અથવા મિત્ર આ ગુનામાં અથવા અકસ્માતમાં સામેલ હોવાનું જણાયું છે અને તે તેમની કસ્ટડીમાં છે. આ છેતરપિંડી કરનારાઓ એ પછી 'કેસ'માં સમાધાન કરવા પૈસાની માંગ કરે છે. પીડિતોને સ્કાયપે અથવા અન્ય અન્ય વીડિયો કોન્ફરન્સિંગ એપ ઉપર વિઝ્યુઅલી ઉપલબ્ધ રહેવાનું કહેવામાં આવે છે, જેને 'ડિજિટલ અરેસ્ટ' કહેવામાં આવે છે. મંત્રાલયનું કહેવું છે કે આ છેતરપિંડી કરનારાઓ પોલીસ સ્ટેશનો અને સરકારી કચેરીઓના નમૂનારૂપ સ્ટુડિયોનો ઉપયોગ કરે છે અને અસલી દેખાવા માટે યુનિફોર્મ પણ પહેરે છે. ગૃહ મંત્રાલયનું કહેવું છે કે આ છેતરપિંડીઓનો સામનો કરવા માટે તે અન્ય મંત્રાલયો અને તેમની એજન્સીઓ, આરબીઆઈ અને અન્ય સંસ્થાઓ સાથે કામ કરી રહ્યું છે. ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C)એ તાજેતરમાં માઈક્રોસોફ્ટના સહયોગથી આવી પ્રવૃત્તિઓમાં સામેલ ૧,૦૦૦થી વધુ Skype IDને બ્લોક કર્યા છે. તે આવા છેતરપિંડી કરનારાઓ દ્વારા ઉપયોગમાં લેવાતા સિમ કાર્ડ્સ, મોબાઈલ ઉપકરણો અને ખચ્ચર એકાઉન્ટ્સને અવરોધિત કરવાની પણ સુવિધા આપે છે. આ પ્રકારની છેતરપિંડી વિશે સાવચેત રહેવા અને જાગૃતિ ફેલાવવાની સલાહ આપવામાં આવે છે. જો કોઈને આવા કોલ્સ આવે, તો નાગરિકોએ તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ અથવા www.cybercrime.gov.in પર મદદ માટે જાણ કરવી જોઈએ.

# ભારત ઉપર ૨૦૦ વર્ષ શાસન કરનાર ઈસ્ટ ઈન્ડિયા કંપની હવે ક્યાં છે ?

**ઈસ્ટ ઈન્ડિયા કંપનીની શરૂઆત ૩૧ ડિસેમ્બર, ૧૬૦૦ના રોજ થઈ હતી, જ્યારે રાણી એલિઝાબેથ Iએ તેને ભારતમાં વેપાર કરવા માટેનું લાઈસન્સ આપ્યું હતું**

(એજન્સી) તા.૨૦



ઈસ્ટ ઈન્ડિયા કંપની માત્ર એક વેપારી કંપની ન હતી પરંતુ એક સંસ્થા હતી જેના દ્વારા અંગ્રેજોએ સમગ્ર એશિયામાં તેમના સામ્રાજ્યનો વિસ્તાર કર્યો હતો. તેનું પ્રચંડ સૈન્ય પણ હતું અને તેને બ્રિટિશ સરકારનો ટેકો હતો. ૧૭૫૭થી ૧૮૫૮ સુધી, આ કંપનીએ મસાલા, ચા, કાપડ અને અફીણના વેપાર દ્વારા ભારતને લૂંટ્યું હતું. ઈસ્ટ ઈન્ડિયા કંપનીની શરૂઆત ૩૧ ડિસેમ્બર, ૧૬૦૦ની છે, જ્યારે રાણી એલિઝાબેથ Iએ તેને ભારતમાં વેપાર કરવા માટેનું લાઈસન્સ આપ્યું હતું. તે એક અનન્ય એન્ટિટી તરીકે કાર્યરત હતી અને તેમાં વ્યક્તિઓએ નાણાંનું રોકાણ કર્યું અને નફો મેળવ્યો હતો. આ કંપનીનું સંચાલન અર્લ ઓફ કમ્બરલેન્ડના નેતૃત્વ હેઠળ ૨૧૫ વેપારીઓ અને રોકાણકારો દ્વારા કરવામાં આવ્યું હતું. ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ તેની વ્યાવસાયિક સેનામાં ભારે રોકાણ કર્યું હતું. ૧૭૬૩માં બંગાળમાં તેના ૬,૬૮૦ સૈનિકો હતા, જે ૧૮૨૩ સુધીમાં વધીને ૧,૨૯,૪૭૩ થઈ ગયા હતા. શરૂઆતમાં સૈનિકો અને અધિકારીઓની વિવિધ જગ્યાએથી ભરતી કરવામાં આવી હતી, પરંતુ ૧૭૮૫માં સુધારા પછી ફક્ત અંગ્રેજોને જ અધિકારીઓ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. કંપનીના સૈનિકોની સંખ્યા તેના અન્ય કર્મચારીઓ કરતા નોંધપાત્ર માર્જિનથી વધી ગઈ હતી. ૧૮૩૦માં કંપનીએ લગભગ ૩,૫૦૦ ભારતીય કર્મચારીને રોજગારી આપી હતી. વેપાર ઉપરાંત ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ચાઈનીઝ પોર્સેલેઈન, રેશમ, ગનપાઉડર, ઈન્ડિગો, કોફી, ચાંદી અને ઊન બનાવવા માટે સોલ્ટપેટર સહિત વિવિધ ચીજવસ્તુઓનો વેપાર કર્યો હતો. કંપનીના જહાજો જે આ માલસામાનનું વિશ્વભરમાં પરિવહન કરતા હતા, તેઓ સશસ્ત્ર હતા અને સામાન્ય રીતે ૩૦થી ૩૬ તોપોથી સજ્જ રહેતા હતા. હિંદ મહાસાગરમાં બ્રિટિશ નૌકાદળના વર્ચસ્વથી કંપનીને ફાયદો થયો હતો. બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું તેની સ્થાપનાના લગભગ ૩૦૦ વર્ષ પછી ૧૮૭૪માં બ્રિટિશ સંસદ દ્વારા વિસર્જન કરવામાં આવ્યું હતું. કંપની ૧૮૫૮માં બ્રિટિશ સામ્રાજ્યનો ભાગ બની હતી અને તે જ વર્ષે બ્રિટિશ ક્રાઉને તેની ભારતીય સંપત્તિનું રાષ્ટ્રીયકરણ કર્યું હતું. ૧૮૭૩ના ઈસ્ટ ઈન્ડિયા સ્ટોક ડિવિડન્ડ રિડેમ્પશન એક્ટ દ્વારા કંપનીનું ઔપચારિક રીતે વિસર્જન કરીને અપ્રચલિત અને શક્તિહીન બનાવી દીધી હતી. કંપનીના વિસર્જનથી બ્રિટિશ રાજ અથવા ભારતના સીધા બ્રિટિશ શાહી શાસનની શરૂઆત થઈ હતી.

# દુધની સાથે શું ન ખવાય ?

દુધ અને દુધની બનાવટો હેલ્ધી ગણાય છે. પરંતુ જો એને ખોટા પદાર્થો સાથે ખાવામાં આવે તો એ શરીરને નુકશાન પહોંચાડી શકે છે એવું આયુર્વેદ કહે છે. અને એ મુજબ પનીરનું શાક, કોફતા, મલાઈદાર ગ્રેવી, મિલ્કશેક, શ્રીખંડ, વાઈટ સોસના પાસ્તા, પીત્ઝા, કસ્ટર્ડ, દુધ ફ્રુટ, ફ્રુટ યોગર્ટ અને એટલું જ નહી દુધવાળી ચા પણ અનહેલ્ધી છે અને શરીરને નુકશાન પહોંચાડનારી છે. આજે જાણીએ દુધ શેની શેની સાથે ન લેવાય.

આયુર્વેદ માને છે કે જયારે તમારો ખોરાક યોગ્ય નથી હોતો ત્યારથી તમારા શરીરમાં જે બેલેન્સ રચાવું જોઈએ એ બેલેન્સ બગડે છે. જે વિવીધ રોગોને આમંત્રણ આપે છે. ખોરાકમાં શું ખોટું અને શું સાચુ એનો વિસ્તૃતમાં કોઈ શાસ્ત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હોય તો એ આયુર્વેદ છે. સામાન્ય રીતે સમજીએ તો જેમ કારમાં પેટ્રોલ નાખીએ ત્યારે એ કાર વ્યવસ્થિત ચાલે છે. જો આ પેટ્રોલ ભેળસેળવાળું હોય તો કારમાં કોઈ ખરાબી આવી જાય છે. વળી જે કાર પેટ્રોલથી ચાલતી હોય એમાં ડીઝલ ભેળવીને નાખો તો એ કારને નુકશાન જ થવાનું છે. પેટ્રોલ અને ડિઝલ બંને ઈંધણ જ છે. પરંતુ એમનું કોમ્બીનેશન એ કાર માટે નુકશાનકારક બની જાય છે. એવી જ રીતે ખોરાક તો ખોરાક જ છે. પરંતુ શેની સાથે શું ખાવું એ પણ મહત્વનું છે અને કદાચ એનાથી પણ વધુ મહત્વનું છે શેની સાથે શું ન ખાવું.

દૂધ સૌથી પૌષ્ટીક અને સાત્વિક આહાર માનવામાં આવે છે. શાકાહારી લોકો માટે દુધ અને એમાંથી મળતું પ્રોટિન અને કેલ્શયમ અત્યંત મહત્વનું છે. દુધ અને દુધની બનાવટો જેમ કે પનીર, ચીઝ, માખણ, દહી, છાશ વગેરે આપણા દૈનિક આહારમાં આપણે સામેલ કરેલી વસ્તુઓ છે અને આ દરેક ખાદ્ય પદાર્થ પોતાનામાં શ્રેષ્ઠ છે. પરંતુ એને કોની સાથે ખાવામાં આવે છે એ વસ્તુ પણ એટલી જ મહત્વની છે. જો એને યોગ્ય પદાર્થો સાથે ભેળવીનો ખાવામાં આવે તો શરીરમાં ઝેરી તત્વોનું નિર્માણ થાય છે. જેને ટોકિસન્સ કહી શકાય. એ સિવાય પ્રકૃતિઓનો વિકાર થાય છે અને એ વિકૃતીમાં પરિણમે છે. પાચનને લગતા પ્રશ્નો, કુપોષણ, ત્વચાના રોગો વગેરે આ ખોરાકના ખોટા કોમ્બીનેશનને કારણે થાય છે. આજે આપણે જાણીએ દુધ સાથે કયાં પદાર્થો બિલકુલ ન ખાવા જોઈએ.

**દુધ અને ફળો :-**

ઘણા લોકો માને છે કે દુધ અને ખાટા ફળોને મિકસ ન કરવા. એટલે જ ઘણાં ઘરોમાં વડિલોની તાકીદથી કયારેય ફ્રુટ સેલડ નથી બનતું. પરંતુ મોટા ભાગના ઘરોમાં દુધ-કેળા, દુધ-કેરી ખાવામાં આવતા હોય છે કે ચીકુશેક પિવાતો હોય છે કસ્ટર્ડ જાતજાતના મિલ્કશેક, આઈસક્રીમ, ફલેવર્ડ દુધમાં દુધ અને ફળો ભેળવવામાં આવે છે. એટલું જ નહી આજકાલ ફ્રુટના ફલેવર્સવાળું દહી મળે છે. જેને લોકો હેલ્ધી માને છે. આ ઉપરાંત શ્રીખંડમાં પણ આપણે મસ્કો અને ફળો ભેગા કરીએ છીએ આ બાબતે આયુર્વેદ શું માને છે એ સમજાવતા આયુર્વેદ નિષ્ણાંત ડોકટર કહે છે દુધ અને ફળો એ બંનેમાં રસ ભિન્ન છે. દુધ મધુર છે અને ફળો આમ્લ એટલે કે ખાટા છે. આ બંનેનો વિપાત અલગ છે. એટલે કે એ બંનેની પાચન થવાની પ્રોસેસ આખી જુદી છે. એથી એ સાથે ગ્રહણ ન કરવું જોઈએ. આ સિવાય આયુર્વેદ અનુસાર કોઈ પણ ફળ મીઠા કે ખાટા પરંતુ દુધ સાથે લેવા ન જોઈએ. કારણ કે મધુર ફળો પણ જયારે દુધ સાથે લેવામાં આવે ત્યારે એ શરીરમાં કફવર્ધક બને છે અને આગળ સમસ્યા ઉભી કરે છે માટે દુધ કે દુધની બનાવટોને ફળ સાથે ભેગી ન કરવી. સવારે ઉઠીને એક ફળ ખાવાની આદત હોય તો એના એક કલાક પછી જ એક ગ્લાસ દુધ પીવું.

**દૂધ અને ચા :-**

વગર દુધની ચાની કલ્પના આપણે ત્યાં કરવી થોડી મુશ્કેલ છે. ગ્રીન ટી અને બ્લેક ટી પીવાવાળો વર્ગ આજની તારીખે પણ દુધવાળી કડક મીઠી અમીરી ચા પીવાવાળા વર્ગની સરખામણીએ ખુબ નાનો જ છે. પરંતુ હકીકતમાં દુધ અને ચાને પણ ભેળવવા યોગ્ય નથી. એમ સમજાવતા ફિમ્સ કિલનિકના માટુંગા અને વિલે પાર્લેના હીલીંગ ડાયટ સ્પેશ્યલિસ્ટ કહે છે ચામાં રહેલું કેસીન નામનું પ્રોટીન અને ટેનિન નામનું એસિડ દુધ સાથે ભળીને એક ઝેરી કમ્પાઉન્ડની રચના કરે છે જેની અસર અફીણ જેવી હોય છે. ચા જે લોકો પીતા હોય તેમને એનું બંધાણ થઈ જાય છે એની પાછળ આજ કારણ છે જો તેમને ચા ન મળે તો માથુ દુ:ખવા લાગે છે. મુડ બનતો નથી. અને મગજ કામ કરતું અટકી ગયું હોય એવું લાગે છે. જે લોકો ગ્રીન ટી પીતા હોય કે બ્લેક ટી પીતા હોય તેમને એનું બંધાણ કયારેય હોતું નથી ચા સાથે દુધ નાખીએ એટલે દુધમાં રહેલા કેલ્શિયમનું શરીરમાં વ્યવસ્થિત પાચન નથી થતું આ સિવાય એ નસો ઉપર અસર કરે છે. માણસની એન્ઝાયટી અને ચીડ વધારે છે એસિડિટી માટે એ જવાબદાર બને છે અને પાચનક્રિયાને ખરાબ કરે છે. એને પીને થોડા સમય માટે મજા આવે છે બસ પરંતુ લાંબા ગાળે નુકશાન થાય છે.

**દુધ અને શાકભાજી**

પંજાબી શાક ખાસ કરીને પનીરનો જેમાં પ્રયોગ કરવામાં આવતો હોય એમાં દુધ અને શાકભાજી એક થતા હોય છે. પનીરનું શાક કે કોફતાનું શાક હોય કે કોઈ બીજા શાક કે દાળની ગ્રેવીને રિચ બનાવવા ટમેટા ડુંગળી અને લસણ સાથે દુધ, દહી અને મલાઈનો પ્રયોગ થાય છે. આ સિવાય વાઈટ સોસની સાથે વેજીટેબલ્સ નાખીને પાસ્તા ખાવામાં આવે છે. બર્ગર, હોટ ડોગ કે પીત્ઝામાં ચીઝ સાથે શાકભાજી નાખીને વાપરવામાં આવે છે. દુધ અને શાકભાજીના મેળ વિષે વાત કરતા ડોકટર કહે છે કે શાકભાજી અને દુધ બંનેની તાસીર જુદી જુદી છે. માટે જયારે એ બંનેને ભેળવીએ છીએ તો એ વીરૂધ્ધ આહાર બની જાય છે. કોઈપણ લીલી શાકભાજી કે કંદમૂળ સાથે દુધ અને દુધની બનાવટોનો પ્રયોગ ન જ કરવો જોઈએ. ઘણા લોકો જમતી વખતે વાટકો ભરીને દુધ પીએ છે એ ત્યારે યોગ્ય છે જયારે તમે જમવામાં શાક, પાપડ, કંદમૂળ, અથાણા વગેરે કોઈ વસ્તુનો પ્રયોગ ન કરવાના હો.

દુધ અને દહી

ઘણી વખત છાશને જાડી બનાવવા અને દહી ખાટું થઈ ગયું હોય તો છાશને મોળી કરવા માટે દહીમાં થોડું દુધ ઉમેરવામાં આવે છે આ ઉપરાંત અમુક જગ્યાએ લોકો દહી રબડી ખાતા હોય છે. જેમાં રબડીમાં દહી નાખીને ખાવામાં આવે છે આ કોમ્બીનેશન પણ બિલકુલ યોગ્ય નથી. એ વિષે ડોકટર કહે છે કે જયારે જમવામાં ખીર કે દુધપાક બન્યા હોય ત્યારે આપણે કઢી નથી બનાવતા. એનું કારણ એ છે કે દુધ અને દહી એ બે રસ આપણે ભેગા નથી કરતા. એક મધુર છે અને બીજો ખાટો રસ છે. આમ પણ દુધ સાથે બીજો કોઈ રસ કયારેય ભેગો કરવો ન જોઈએ. દુધ સંપૂર્ણ આહાર છે એને એમને એમ લેવું વધુ યોગ્ય છે.

**શું કરવું ?**

દુધ અને દુધની બનાવટો સાથે મસાલાઓ સારા ભળે છે. ખાસ કરીને એલચી, કેસર, સૂંઠ, હળદર, મરી વગેરે. આ સિવાય ફળો ભલે ન લઈ શકાય. પરંતુ દુધ સાથે ડ્રાયફ્રુટસ લઈ શકાય છે. સૌથી બેસ્ટ ગણી શકાય એ છે આખા ધાન્ય, ઓટસ ફાડા ઘઉ કે ચોખા. આ ધાન્યને દુધ સાથે પકવીને ખાવા ઘણા જ પોષ્ટીક ગણાય છે. આ ઉપરાંત દુધ હંમેશા ગરમ કરીને જ પીવું જોઈએ. ઠંડુ દુધ કફ કરે છે. ગરમ ઉકાળેલા દુધથી કફ ઓછો થાય છે વળી એ બને ત્યાં સુધી સવારે પીવું જેને પાચનની સમસ્યા હોય તેણે રાત્રે કદી દુધ ન પીવું.

### હવામાન વિભાગે ગરમીને લઈને આપ્યું એલર્ટ

# હવામાન વિભાગ દ્વારા અપાતા યલો, ઓરેન્જ, રેડ એલર્ટનો અર્થ

**ખરાબ હવામાન અંગે જાણકારી આપવા માટે યલો એલર્ટ જારી કરાય છે તો એક રીતે આ એક ખતરાની ઘંટડી છે**

અમદાવાદ, તા.૨૦

તમે ઘણી વખત જોયું હશે કે હવામાન વિભાગ કલર કોડ દ્વારા હવામાનની આગાહી આપે છે, આવી સ્થિતિમાં સવાલ એ થાય છે કે આ કોડ્સનો અર્થ શું છે. તે અંગે વિગતવાર જાણીશું. આ દિવસોમાં દેશના અનેક રાજ્યોમાં ગરમીએ કહેર મચાવી રહ્યો છે. તે જ સમયે, કેટલાક રાજ્યોમાં વાવાઝોડા સાથે વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ઓડિશા, છત્તીસગઢ, તેલંગાણા, આંધ્રપ્રદેશના કેટલાક ભાગોમાં હળવો વરસાદ અને કેટલાક અન્ય ભાગોમાં મધ્યમ વરસાદની સંભાવના છે. કેટલાક સ્થળોએ ગાજવીજ સાથે વરસાદની સંભાવના છે.

આ સિવાય કેટલીક જગ્યાએ ૪૦ થી ૫૦ની ઝડપે પવન પણ ફૂંકાઈ શકે છે. આવી સ્થિતિમાં, તમે ઘણી વખત જોયું હશે કે હવામાન વિભાગ કલર કોડ દ્વારા હવામાનની આગાહી આપે છે, આવી સ્થિતિમાં સવાલ એ થાય છે કે આ કોડ્સનો અર્થ શું છે. ચાલો જાણીએ.

હવામાન વિભાગ દ્વારા આગામી ખરાબ હવામાન અંગે જાણકારી આપવા માટે યલો એલર્ટ જારી કરવામાં આવે છે. એક રીતે આ એક ખતરાની ઘંટડી છે. આ જસ્ટ વોચનો સંકેત છે, એટલે કે વર્તમાન પરિસ્થિતિમાં અલબત્ત કોઈ ખતરો નથી, પરંતુ કોઈપણ સમયે ખતરનાક હવામાન તમારી સામે આવી શકે છે, તેના માટે તૈયાર રહો.

ઓરેન્જ એલર્ટ એ યલો એલર્ટ કરતા એક ડગલું આગળની સ્થિતિ છે. મતલબ કે ખતરો દસ્તક દીધો છે. હવે તમારે બેદરકાર ન રહેવું જોઈએ. આ પછી, ખતરનાક હવામાન પરિસ્થિતિઓ કોઈપણ સમયે તમારા માર્ગ પર આવી શકે છે. આવી સ્થિતિમાં, તમારે તે પરિસ્થિતિનો સામનો કરવા માટે તમારી જાતને તૈયાર કરવી જોઈએ. જ્યારે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવે છે, ત્યારે સંબંધિત અધિકારીઓને તૈયાર રહેવા કહેવામાં આવે છે અને લોકોને ફરતી વખતે સાવચેત રહેવા માટે કહેવામાં આવે છે.

જ્યારે ગંભીર હવામાન અને તેના કારણે નુકસાન થવાની સંભાવના છે, ત્યારે હવામાન વિભાગ દ્વારા રેડ એલર્ટ જારી કરવામાં આવે છે. આ ખતરનાક હવામાન પરિસ્થિતિઓની નિશાની છે. લોકોને એલર્ટ કરવા માટે રેડ એલર્ટ જારી કરવામાં આવે છે કે હવે તેઓ તેમની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તમામ નિયમોનું પાલન કરે. શિયાળામાં, રેડ એલર્ટનો અર્થ થાય છે ખતરનાક ઠંડીની સ્થિતિ, જ્યારે વરસાદની મોસમમાં, રેડ એલર્ટ એટલે પૂર, તોફાન અથવા નુકસાનકારક વરસાદ. તે જ સમયે, તે ઉનાળામાં ભારે ગરમીને કારણે થાય છે જે લોકોને બીમાર કરી શકે છે. રેડ એલર્ટ બાદ લોકોએ બેદરકાર ન રહેવું જોઈએ. આવી સ્થિતિમાં તે હવામાનના પ્રકોપથી બચવાની વ્યવસ્થા કરવી જોઈએ. તમે બધા ગ્રીન એલર્ટના અર્થથી સારી રીતે વાકેફ હોવ જ જોઈએ. તેનો સીધો અર્થ એ છે કે હવામાન સંપૂર્ણપણે સ્વચ્છ છે અને ગભરાવાની જરૂર નથી. તમારે તમારી જાતને સુરક્ષિત સમજવી જોઈએ, હવામાનની ચિંતા કરવી જોઈએ અને તમારું નિયમિત કામ કરવું જોઈએ.

### રાજ્યમાં તાપમાનનો પારો ૪૫ ડિગ્રીથી વધુ નોંધાયો

# રાજ્યમાં પડી રહેલા આકરા તાપને પગલે લુ અને બેભાન થવાના કેસ વધ્યા

**વડોદરામાં હિટવેવથી પ્રૌઢનું મોત, ૨ લોકો થયા બેભાન અમદાવાદમાં ૧૫ દિવસમાં ૩,૮૦૦થી વધુ કેસો નોંધાયા**

અમદાવાદ, તા.૨૦

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી કાળજાળ ગરમીની શરૂઆત થઈ ચૂકી છે. તેમાં લોકો આઘરી ગરમીથી ત્રસ્ત બન્યા છે ત્યારે ઉનાળાની અંગ દઝાડતી ગરમીને કારણે લોકોમાં લુ લાગવી અને બેભાન થઈ જવાના કેસ સામે આવ્યા છે જેમાં ગરમીના માહોલમાં હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ છે.

ગુજરાતમાં વૈશાખ મહિનાની આકરી ગરમી વરસી રહરી છે, રાજ્યમાં મોટા ભાગના શહેરોમાં હીટવેવ શરૂ થઈ ગઈ છે, અને આ કારણે લોકો જુદીજુદી બિમારીઓનો પણ ભોગ બની રહ્યાં છે. હવામાન વિભાગની આગાહી છે કે, આગામી દિવસોમાં હજુપણ સખત હીટવેવનો સામનો કરવા માટે લોકોએ તૈયાર રહેવુ પડશે. આગામી દિવસોમાં રાજ્યમાં તાપમાનનો પારો ૪૫ ડિગ્રીથી પણ વધુ ઉપર રહેવાની સંભાવનના દર્શાવવામાં આવી છે. આકરા તાપથી રાજ્યની હૉસ્પીટલો દર્દીઓથી ઉભરાઇ રહી છે, જાણો અહીં લૂ લાગવાથી લઈને લોકોને કઈ કઈ બિમારીઓ લાગુ પડી રહી છે.

તાપમાનના અપડેટ પ્રમાણે રાજ્યમાં હીટવેવ વધી છે, અને મોટા ભાગના શહેરોમાં તાપમાનનો પારો ૪૩ ડિગ્રીથી વધી રહ્યો છે, જેના કારણે અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા સહિતના કેટલાક શહેરમાં લોકોને લૂ લાગવાના અને બેભાન થવા કેસો વધ્યા છે. આંકડાઓ જોઈએ તો, અમદાવાદમાં છેલ્લા ૧૫ દિવસમાં ૩,૮૦૦થી વધુ કેસો આવી આકરી ગરમીના કારણે નોંધાયા છે. આ ઉપરાંત પેટના દુઃખાવાને લગતા ૨,૫૨૪ કેસો, હાઈફિવરના ૪૬૪ કેસો, તો સર્વાઈલ હેડેકના ૧૦૯ કેસો સામે આવ્યા છે. આ બધાની વચ્ચે ૭૭૧ જેટલા કેસો લોકોના બેભાન થવાના સામે આવ્યા છે.

હવામાન વિભાગ દ્વારા આગામી ૫ દિવસ હિટવેવની આગાહી કરવામાં આવી છે.

વડોદરામાં હિટવેવને પગલે પ્રૌઢનું મોત થયું હતું, જ્યારે ૨ લોકોને ચક્કર આવતા અને ગભરામણ થતા એસ.એસ.જી હોસ્પિટલ ખસેડાયા હતા. મકરપુરા માં રહેતા ૫૬ વર્ષીય મનોજ સોલંકીનું ગરમીને કારણે ગભરામણ થતાં મોત થયું હતું. અલકાપુરીમાં રહેતા ૪૯ વર્ષીય અવિનાશ યાદવને ચક્કર આવતા બેભાન થયા હતા. જ્યારે ગોરવામાં રહેતા ૫૧ વર્ષીય સાકીર શેખને સાયકલ ચલાવતી વખતે ચક્કર આવતા બેભાન થયા હતા. આ બંને બંને દર્દીઓ ને એસ.એસ.જી હોસ્પિટલ ખસેડાયા હતા. ગોરવા ત્રિમૂર્તિ સોસાયટીમાં રહેતા ૫૧ વર્ષના સાકીરમીંયા રહીમમીંયા શેખ શુક્રવારે સવારે પોણા અગિયાર વાગ્યે સાઈકલ લઈને પોલિટેકનિક કોલેજના ગેટ પાસેથી પસાર થતા હતા. તે સમયે અચાનક તેઓને ચક્કર આવતા તેઓ સાઈકલ પરથી નીચે પટકાતા માથામાં ઈજા પહોંચી હતી. તેઓને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. મકરપુરા એરફોર્સપાસે નિલકંઠ રેસિડેન્સીમાં રહેતા ૫૬ વર્ષના મનોજકુમાર મંગળભાઈ સોલંકી ઓ ઘરે હતા તે દરમિયાન અચાનક તેઓને ગરમીના કારણે ગભરામણ થતા પરિવારજનો સારવાર માટે સયાજી હોસ્પિટલમાં લઈ આવ્યા હતા. પરંતુ, તેઓનું મોત થયું હતું.તેઓને હાર્ટનો પણ પ્રોબ્લેમ હતો. ગરમીનો પારો સાબરકાંઠા જિલ્લામાં પણ ૪૩ ડિગ્રીને પાર હોવાને લઈ લોકો કાળઝાળ ગરમીથી પરેશાન જોવા મળી રહ્યા છે. સાબરકાંઠાના ઈડર, હિંમતનગર અને અરવલ્લીના મોડાસામાં પણ ગરમીનો પારો ઉંચો જોવા મળ્યો છે. કાળઝાળ ગરમીને લઈ લોકો પરેશાન બન્યા છે અને ઠંડાપીણા તથા વધુ પાણી પીવાના સહારે રહેતા જોવા મળે છે.

# "તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા"ના રોશન સિંહ સોઢી આખરે પરત ફર્યા

**૨૫ દિવસથી ગાયબ કલાકાર ગુરચરણ સિંહ સાંસારિક જીવન છોડીને ધાર્મિક યાત્રા પર નીકળી ગયા હતા**

નવી દિલ્હી, તા.૨૦

છેલ્લા ૨૫ દિવસથી ગાયબ થયેલા કલાકાર આખરે પાછા ફર્યા, લોકપ્રિય ટેલિવિઝન સિરિયલ તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના રોશન સિંહ સોઢી એટલે કે ગુરચરણ સિંહ ને ઘરનો રસ્તો મળ્યો. છેલ્લા ૨૫ દિવસથી તે ક્યાં હતો અને કઈ સ્થિતિમાં હતો તે અંગે કોઈને માહિતી નહોતી. પોલીસ પણ તેને સતત શોધી રહી હતી. પરંતુ ૧૭ મેના રોજ તે પોતે ઘરે પરત ફર્યો હતો.છેલ્લા ઘણા દિવસોથી તેની શોધખોળ ચાલી રહી હતી, પરંતુ પોલીસ તેને શોધી શકી ન હતી.

અભિનેતાના પિતાએ પોલીસમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. ગુરચરણ સિંહના પિતા તેમના પુત્રની ગેરહાજરીથી ખૂબ જ પરેશાન હતા. પરંતુ અચાનક અભિનેતાના પરત ફર્યા બાદ દરેકના મનમાં એક જ સવાલ હતો કે તેઓ આટલા દિવસ ક્યા અને શું કરતાં હતા. ગુરુચરણસિંહ પોતે ૧૭ મેના રોજ ઘરે પરત ફર્યા હતા. તે આવતાની સાથે જ પોલીસે તેની પૂછપરછ કરી છે. આ દરમિયાન અભિનેતાએ કહ્યું કે તે સાંસારિક જીવન છોડીને ધાર્મિક યાત્રા પર ઘર છોડી ગયો છે. છેલ્લા ૨૫ દિવસમાં તેઓ ક્યારેક અમૃતસર તો ક્યારેક લુધિયાણામાં હતા. જો ગુરુચરણ સિંહની વાત માનીએ તો તેઓ ઘણા શહેરોમાં ગુરુદ્વારા ગયા હતા અને ત્યાં રોકાયા હતા.

પરંતુ જ્યારે તેને ખબર પડી કે હવે તેણે તેના ઘરે પાછા ફરવું જોઈએ, ત્યારે તે તરત જ પાછો આવ્યો. આ કેસની તપાસ કરતી વખતે પોલીસે CCTV ફૂટેજ પણ તપાસ્યા હતા. તપાસ દરમિયાન પોલીસને ગુરુચરણને લઈને ઘણી કડીઓ મળી હતી. જ્યારે ગુરુચરણ ૨૨ એપ્રિલે ઘરેથી મુંબઈ જવા નીકળ્યા ત્યારે તેઓ મુંબઈ પહોંચ્યા જ નહોતા. તેણે મુંબઈમાં તેને રિસીવ કરવા આવેલા વ્યક્તિને પણ ગેરમાર્ગે દોર્યો હતો. ત્યારબાદ ગુરુચરણે ATMમાંથી ૧૪ હજાર રૂપિયા ઉપાડી લીધા, આ સમાચાર પણ સામે આવ્યા.પોલીસ પાસે કડીઓ હતી તપાસ દરમિયાન પોલીસને ગુરુચરણના દસથી વધુ નાણાકીય હિસાબો મળી આવ્યા હતા. એટલું જ નહીં તેની પાસે એકથી વધુ જીમેલ એકાઉન્ટ હોવાનું પણ જાણવા મળ્યું હતું. નજીકના લોકો અને ડિજિટલ તપાસ બાદ પોલીસને જે હકીકતો મળી તે પરથી જાણવા મળ્યું કે ગુરુચરણનો ધર્મ તરફનો ઝોક વધી રહ્યો હતો. તેણે એક ખાસ મિત્ર પાસે પહાડો પર જવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. છેલ્લા સીસીટીવી ફૂટેજમાં તે ઈ-રિક્ષા પછી પગપાળા જતો જોવા મળ્યો હતો.આમ દરરોજ નવી માહિતી મળતી હતી, પરંતુ અભિનેતાનું પરફેક્ટ લોકેશન કોઈને ખબર ન હતી. ગુરુચરણ સિંહના પરત ફર્યા બાદ હવે આ મામલે પોલીસનું કહેવું છે કે અભિનેતા પ્લાનિંગ સાથે તેનું ઘર છોડીને ગયો હતો, તેથી શોધખોળ કરવા છતાં તેને કોઈ મળી શક્યું નથી. પોલીસે જણાવ્યું કે ગુરૂચરણ ગુમ થતા પહેલા પોતાનો મોબાઈલ દિલ્હીના પાલમ વિસ્તારમાં છોડીને ગયો હતો.મોબાઈલ ફોન ન હોવાના કારણે પોલીસ માટે તેને શોધવાનું મુશ્કેલ બની રહ્યું હતું. જ્યારે પોલીસે સીસીટીવી ફૂટેજ જોવાનું શરૂ કર્યું ત્યારે અભિનેતા ઈ-રિક્ષા બદલતો જોવા મળ્યો હતો. જેના કારણે તપાસ ચાલી રહી હતી કે તે પ્લાનિંગ સાથે દિલ્હીની બહાર ગયો હતો.

## અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૧૫૪મું અંગદાન થયું

અમદાવાદ,તા.૨૦

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં આજે ૧૫૪ મું અંગદાન થયું છે.સિવિલ હોસ્પિટલ ખાતે ૧૫૪ માં અંગદાનની વાત કરીએ તો કલોલ ના રહેવાસી ૫૬ વર્ષીય અમરતભાઈ શીવાભાઈ મકવાણાને ૧૩ મે ના દિવસે ડાબા શરીરમાં લકવાની અસર સાથે પ્રાઈવેટ હોસ્પિટલમાંથી વધુ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ, અમદાવાદ માં લાવવામાં આવ્યા હતા. સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તારીખ ૧૫મે એ તબીબોએ અમરતભાઈને બ્રેઈન ડેડ જાહેર કર્યા. અમરતભાઈ ના પરીવારમાં તેમના ૯૦ વર્ષીય વૃદ્ધ માતા તેમજ ચાર ભાઈ છે. પોતે અપરણિત હોવાથી અમરતભાઈ પોતાના ભાઈઓ સાથે રહેતા હતા. સિવિલ હોસ્પિટલના ડોક્ટરોની ટીમે અમરતભાઈ ના ભાઈઓને બ્રેઈન ડેડ બાદ અંગદાન વિશે સમજાવતા બધા ભાઈઓ પ્રવિણભાઈ, ચંદ્રકાંતભાઈ, અશોકભાઈ, મનુભાઈએ સાથે મળી અમરતભાઈ નાં અંગોનુ દાન કરવાનો નિર્ણય કર્યો. અમરતભાઈ ના અંગદાન થકી બે કીડની, એક લીવર તેમજ સ્કીન નુ દાન મળ્યુ. અમદાવાદ સિવિલ હોસ્પિટલ સુપ્રીટેન્ડન્ટ ડૉ.રાકેશ જોષી એ જણાવ્યું હતું કે, અમરતભાઈ ના અંગદાનથી મળેલ કિડની તેમજ લીવર ને સિવિલ મેડીસીટી કેમ્પસની જ કિડની હોસ્પિટલમા દાખલ જરુરીયાત્મંદ દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવશે. સિવિલ પ્લાસ્ટીક સર્જરી વિભાગ અંતર્ગત આવેલ સ્કીન બેંક ને મળેલા સ્કીન દાન થી પણ દાઝેલા કે અન્ય જરુરીયાતમંદ દર્દીમાં સ્કીન પ્રત્યારોપણ કરી કુલ ચાર લોકોની જીંદગી આપણે બચાવી શકીશુ. સિવિલ હોસ્પિટલ ખાતે આ સાથે અત્યાર સુધીમાં કુલ ૧૫૪ અંગદાતાઓ થકી કુલ

### કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેનો દાવો

# મહારાષ્ટ્રમાં અમે ૪૮માંથી ૪૬ બેઠકો જીતીશું : કોંગ્રેસ

મુંબઈ, તા.૨૦

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પાંચમા તબક્કાના મતદાન પહેલા I.N.D.I.A ગઠબંધનના નેતાઓએ શનિવારે મુંબઈમાં એક સંયુક્ત પ્રેસ કોન્ફરન્સનું આયોજન કર્યું. પ્રેસ કોન્ફરન્સની શરૂઆતમાં કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ભારતીય જનતા પાર્ટી અને શિવસેના એકનાથ શિંદે જૂથ પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે મહારાષ્ટ્રમાં ગેરકાયદેસર સરકાર દગો અને ષડયંત્રના આધારે બનાવવામાં આવી જેનું સમર્થન પોતે પીએમ કરી રહ્યાં છે. ખડગેએ આગળ કહ્યું કે રાજ્યમાં પીએમ મોદીની ઘણી રેલીઓ થઈ રહી છે. તે લોકોની વચ્ચે તિરાડ પેદા કરવાનો પ્રયત્ન કરે છે. મોદી લોકોને ભડકાવવાનું કામ કરી રહી છે. કદાચ જ કોઈ પીએમ આવું કરતા હશે. ૫૩ વર્ષથી હું પણ રાજકારણમાં છુ. પવાર સાહેબ અમારાથી ૫ વર્ષ આગળ છે અને ઉદ્ધવ ઠાકરેજી પણ સક્રિય છે. મારુ એ જ કહેવું છે કે વિશ્વાસઘાતનું રાજકારણ થઈ રહ્યું છે. વિપક્ષને તોડવામાં આવી રહ્યું છે. ખડગેએ ભાજપ પર આરોપ લગાવતા કહ્યું કે અસલી દળના સિમ્બોલને છીનવવામાં આવી રહ્યું છે. કોર્ટનો નિર્ણય પણ મોદીના ઈશારે ચાલે છે પરંતુ આ વખતે ચૂંટણીમાં આવું થશે નહીં. જનતા લડી રહી છે જનતા જીતશે. લોકોમાં નારાજગી છે. તે ડેમોક્રેસીની વાત કરે છે પરંતુ તે અનુસાર ચાલતા નથી. મુંબઈમાં બીએમસી ચૂંટણી થઈ રહી નથી. આ મોદીનું રાજકારણ છે. કર્ણાટકમાં તોડફોડનું રાજકારણ ચાલી રહ્યું છે. ગોવા, MP, ગુજરાતમાં પણ આ કર્યું, આ તેમની નીતિ છે. ગઠબંધનના લોકો લડી રહ્યા છે. મહારાષ્ટ્રમાં અમને ૪૮માંથી ૪૬ બેઠકો મળશે.

### ટેકઓવરની પ્રક્રિયા પૂર્ણ કરવામાં વધુ સમય લાગશે

# હિન્દુજા ગ્રુપની કંપની દ્વારા રિલાયન્સ કેપિટલનું કરવામાં આવી રહ્યું છે ટેકઓવર

**રિલાયન્સ કેપિટલના એડમિનિસ્ટ્રેટરે RBI પાસેથી કંપનીને બિઝનેસના ખરીદનારને સોંપવા માટે ૨૭ મે સુધીનો સમય માંગ્યો**

નવી દિલ્હી, તા.૨૦

ભારે દેવામાં ડૂબેલી રિલાયન્સ કેપિટલ ના ટેકઓવરની પ્રક્રિયા પૂર્ણ કરવામાં વધુ સમય લાગશે. અનિલ અંબાણીની આ કંપનીનું ટેકઓવર હિન્દુજા ગ્રુપની કંપની દ્વારા કરવામાં આવી રહ્યું છે. ત્યારે રિલાયન્સ કેપિટલના એડમિનિસ્ટ્રેટરે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી કંપનીને બિઝનેસના ખરીદનારને સોંપવા માટે ૨૭ મે સુધી એટલે કે ૧૦ દિવસના વધારાની માંગ કરી છે. જો RBI અનિલ અંબાણીની કંપનીની આ વિનંતી સ્વીકારે છે, તો RCAPને ૧૦ દિવસનો વધારાનો સમય મળશે. મળતી માહિતી મુજબ, RCAPની ખરીદનાર હિન્દુજા ગ્રુપની કંપની છે. રિલાયન્સ કેપિટલને આદિત્ય એન્ટરપ્રાઈઝ હિન્દુજા ગ્રુપ કંપનીને સોંપવાની સમય મર્યાદા શુક્રવારે સમાપ્ત થઈ ગઈ છે.

રિઝર્વ બેંકે ૧૭ નવેમ્બર, ૨૦૨૩ના રોજ રિલાયન્સ કેપિટલની સંપત્તિના વેચાણને મંજૂરી આપી હતી. આ મંજૂરી માટે સમય મર્યાદા ૭ મહિના નક્કી કરવામાં આવી હતી.

નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ ના આદેશ મુજબ, હિન્દુજા ગ્રુપની કંપની માટે રિઝોલ્યુશન પ્લાન પૂર્ણ કરવાની છેલ્લી તારીખ ૨૭ મે નક્કી કરવામાં આવી હતી. હકીકતમાં, ૨૭ ફેબ્રુઆરીએ રિઝોલ્યુશન પ્લાનને મંજૂરી આપતી વખતે, NCLTએ ઈન્ડસઈન્ડ ઈન્ટરનેશનલ હોલ્ડિંગ્સ લિમિટેડને તેને ૯૦ દિવસની અંદર અમલમાં મૂકવાનો આદેશ આપ્યો હતો. જો RBI સમયમર્યાદા લંબાવવાની વિનંતીને સ્વીકારશે નહીં, તો હિન્દુજા ગ્રૂપ પાસે રિઝોલ્યુશન પ્લાન પૂર્ણ કરવા અને RCAPની સંપત્તિઓ પર કબજો કરવા માટે સમય બાકી રહેશે નહીં. ઉલ્લેખનીય છે કે, NCLએ હિન્દુજા ગ્રૂપની કંપની ઈન્ડસઈન્ડ ઈન્ટરનેશનલ હોલ્ડિંગ્સ લિમિટેડના રિલાયન્સ કેપિટલ માટે રૂ. ૯,૬૫૦ કરોડના રિઝોલ્યુશન પ્લાનને મંજૂરી આપી હતી. નવેમ્બર ૨૦૨૧માં, રિઝર્વ બેંકે અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રૂપની કંપની રિલાયન્સ કેપિટલને મેનેજમેન્ટમાં ખામીઓ અને લોનની ચુકવણીમાં ડિફોલ્ટ બાદ બોર્ડને હટાવી દીધું હતું. આ પછી RBIએ નાગેશ્વર રાવ વાયને કંપનીના એડમિનિસ્ટ્રેટર તરીકે નિયુક્ત કર્યા. એડમિનિસ્ટ્રેટરે ફેબ્રુઆરી ૨૦૨૨માં કંપનીના ટેકઓવર માટે બિડ મંગાવી હતી

તાજેતરમાં વીમા ક્ષેત્રના નિયમનકાર IRDAIએ રિલાયન્સ કેપિટલના ટેકઓવર માટે હિન્દુજા ગ્રૂપની કંપની ઈન્ડસઈન્ડ ઈન્ટરનેશનલની બિડને મંજૂરી આપી હતી. ઈન્ડસઈન્ડના પ્રવક્તા દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ટેકઓવર જલ્દીથી પૂર્ણ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. અમારું લક્ષ્ય ૨૭ મે, ૨૦૨૪ સુધીમાં તેને પૂર્ણ કરવાનું છે. પરંતુ હવે રિલાયન્સ કેપિટલે ૧૦ દિવસનો વધારો માંગ્યો છે.

# રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ પંચની ગુજરાત સહિત દેશભરમાં મદ્રેસાની ચકાસણી કરવા સૂચના


**મદ્રેસાઓમાં બિન-મુસ્લિમ વિદ્યાર્થીઓ પણ ભણતા હોવાના અહેવાલોને પગલે આ ચકાસણી કરવા સૂચના**

ગાંધીનગર, તા.૨૦

રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ પંચે ગુજરાત સહિત દેશભરમાં મદ્રેસાની ચકાસણી કરવા સૂચના આપી છે. મદ્રેસાઓમાં બિન-મુસ્લિમ વિદ્યાર્થીઓ પણ ભણતા હોવાના અહેવાલોને પગલે આ ચકાસણી કરવા સૂચના આપવામાં આવી છે. તે અંતર્ગત બાળ અધિકાર સંરક્ષણ પંચે ગુજરાત સરકારના મુખ્ય સચિવને પણ પત્ર લખવામાં આવ્યો છે. આ પત્રના સંદર્ભમાં રાજ્યમાં મદ્રેસાઓની તપાસ શરૂ થઈ હોવાનું જાણવા મળે છે. ગુજરાત શિક્ષણ વિભાગ દ્વારા આ બાબતે કાર્યવાહી કરવા આદેશ આપવામાં આવ્યો છે, જે અંતર્ગત દરેક ડીઈઓ- ડીપીઓએ અધિકારીઓની ટીમ બનાવીને મદેરસાઓમાં ભૌતિક ચકાસણી કરવાની રહેશે. ઉપરાંત બિનમુસ્લિમ બાળકો કેટલા છે અને મદરેસાઓમાં ભણતા બાળકો અન્ય સ્કૂલમાં નિયમિત શિક્ષણ મેળવે છે કે નહીં તેની તપાસ કરવામાં આવશે.જે અંતર્ગત દરેક ડીઈઓ- ડીપીઓએ અધિકારીઓની ટીમ બનાવીને મદેરસાઓમાં ભૌતિક ચકાસણી કરવાની રહેશે. ઉપરાંત બિનમુસ્લિમ બાળકો કેટલા છે.

ગુજરાત સરકાર દ્વારા અપાયેલી મદ્રેસાઓની યાદી મુજબ હાલ રાજ્યમાં નોંધાયેલી હોય તેવી કુલ ૧૧૨૮ મદરેસા છે. આ મદ્રેસાઓમાં સર્વે હાથ ધરવામાં આવ્યો છે. અમદાવાદમાં પણ અલગ-અલગ મદ્રેસામાં જિલ્લા શિક્ષણ અધિકારીઓની ટીમ સર્વે કરી રહી છે. દરેક મદ્રેસામાં ૨ સભ્યોની ટીમે સર્વે હાથ ધર્યો છે. તમામ મદ્રેસાઓમાં પહોંચી નિયત ફોર્મ ભરવામાં આવી રહ્યું છે. જાણકારી મુજબ અમદાવાદ શહેર અને જિલ્લાઓ મળી કુલ ૨૦૫ મદ્રેસામાં કાર્યરત છે. મળતી માહિતી મુજબ આ સર્વેક્ષણ હેઠળ કુલ ૧૧ મુદ્દાઓની તપાસ કરવામાં આવી રહી છે. જેમાં, મદ્રેસા સંચાલકનું નામ અને ટ્રસ્ટ કે સંસ્થાનું નામ, કઈ સંસ્થાની મંજૂરી છે તેની વિગત, શિક્ષકોને કઈ રીતે પગાર ચૂકવવામાં આવે છે તેની માહિતી એકઠી કરવા સૂચના આપવામાં આવી છે. ઉપરાંત મદ્રેસાઓમાં અભ્યાસના સમય સહિતની માહિતી પણ એકત્ર કરવા જણાવવામાં આવ્યું છે.

# વેકેશન અને રવિવારના મોહિની એકાદશી નિમીતે યાત્રાધામ દ્વારકામાં સહેલાણીઓ અને યાત્રિકોનો ઘસારો





## દ્વારકા દર્શન તરિકે ઓળખાતા રૂક્ષ્મણી મંદીર, નાગેશ્વર, ગોપીતળાવ, બેટ દ્વારકા શિવરાજપુરબિચ પણ યાત્રિકોનો ઘસારો

(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૨૦

સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં હાલ ઉનાળુ વેકેશન ચાલતું હોય ત્યારે સહેલાણીઓ અને યાત્રિકોનો હરવા ફરવાના તેમજ ધાર્મિક સ્થળો પર ધસારો વધતો જાય છે. ત્યારે યાત્રાધામ દ્વારકા ખાતે પણ યાત્રિકોનું ઘોડાપુર ઉભરાયું છે. વેકેશન ચાલતું હોય અને આજરોજ રવિવારના મોહિની એકાદશી નિમીતે અ ગોમતી સ્નાન અને દ્વારકાધીશજીના દર્શન કરવા ભક્તોની છપ્પનસિડી, તેમજ મંદિર પરીસરમાં લાંબી કતારો જોવા મળી રહી છે.

તાજેતરમાં સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં તમામ પરીક્ષાઓ પૂર્ણ થતાં શાળા-કોલેજોમાં વેકેશન જાહેર કરાતાં બાળકો અને વિધાર્થીઓ પરિવાર સહિત રજાની મોજ માણવા હરવા ફરવાના સ્થળો પર ઉમટી રહ્યા છે. હાલ ઉનાળાની ગરમીએ ઉકળાટમાં માઝા મુકી છે. તેમ છતાં લોકો વેકેશનની મોજ માણવા બહારગામના લોકો યાત્રાધામ દ્વારકામાં વેકેશનની શરૂઆત થી જ લોકોનો ઘસારો જોવા મળી રહ્યો છે.

ખાસ કરીને શનિ-રવિવારમાં હજારો યાત્રિકો આવવા લાગ્યા છે. દ્વારકા આજુબાજુના ધાર્મિક સ્થળ જે દ્વારકા દર્શન કરીતે ઓળખાય જે રૂક્ષ્મણીમંદિર, નાગેશ્વર, ગોપીતળાવ, બેટદ્વારકા, તેમજ શિવરાજપુરબિચ જેવા સ્થળોએ પણ ટુરીસ-યાત્રિકોની ધસારો જોવા મલ્યો હતો. દ્વારકામાં ગોમતી સ્નાન અને ઠાકોરજીના દર્શન કરવા લાંબી કતારો જોવા મળી હતી. બીજી બાજુ ખાણીપીણીના ધંધાર્થીઓને ચાંદી થઈ ગઈ છે. યાત્રાધામ દ્વારકામાં ભાવિકોનો ભારે ધસારો થતાં તંત્ર તેમજ પોલીસ વિભાગ દ્વારા યાત્રિકોને કોઈપણ પ્રકારની મુશ્કેલી કે અગવડતા ન પડે તેના માટે તકેદારી અંગે ખાસ ધ્યાન રખાઈ રહ્યું છે.

# 'નમો પુસ્તક પરબ' ની ૧૫૧ મી કડીમાં પુસ્તક પ્રદર્શનની મુલાકાત લેતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ




ગાંધીનગર તા.૨૦

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મણીનગર સ્થિત ઉત્તમ નગર ગાર્ડન પાસે 'નમો પુસ્તક પરબ' અંતર્ગત પ્રતિ રવિવારે યોજાતા પુસ્તક પરબ ની આ રવિવારે યોજાયેલી ૧૫૧મી કડીમાં પુસ્તક પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

દેશના વર્તમાન વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીની પ્રેરણાથી ચોથી જુલાઈ ૨૦૨૧ ના રોજ 'નમો પુસ્તક પરબ'નો પ્રારંભ કરવામાં આવેલો છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આ પ્રદર્શનમાં વિવિધ વિષયોને આવરી લેતા પુસ્તકોને અત્યંત રસપૂર્વક નિહાળ્યા હતા સાથે સાથે આ પ્રવૃત્તિની જાણકારી પણ મેળવી હતી. ધારાસભ્ય મહેશ કસવાલા પ્રેરિત 'સંસ્કૃતિ ફાઉન્ડેશન' દ્વારા પ્રતિ રવિવારે ઉત્તમ નગર ગાર્ડનની બહાર ફૂટપાથ પર પુસ્તકોનું પ્રદર્શન યોજાય છે. આ પરબમાં વિવિધ વિષયોના ૩૦૦૦ થી વધુ પુસ્તકોનો જાહેર જનતા લાભ લે છે. ધર્મ, પ્રવાસન, સાહિત્ય, એન્જિનિયરિંગ, સાયન્સ, કવિતાઓ, વાર્તા સંબંધિત આ પુસ્તકોએ મણીનગરના લોકો માટે વિશેષ આકર્ષણ જમાવ્યું છે.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી મહેશ કસવાલાએ જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદી હંમેશા કહેતા વાંચનમાં એક જબરજસ્ત તાકાત હોય છે' તેમાંથી પ્રેરણા લઈને આ પરબ શરૂ કરાઈ છે. વાંચનને એક આદત બનાવવાના ધ્યેય સાથે પ્રતિ રવિવાર પુસ્તક પરબમાં અનેક લોકો પુસ્તકોની આપ લે કરે છે. સૌથી મહત્વની બાબત એ છે કે પુસ્તક આપનાર અને લઈ જનાર ની કોઈપણ પ્રકારની નોંધણી કરાતી નથી, એમ છતાંય અહીંયા ક્યારેય પુસ્તકો ખૂટ્યા નથી. જે પરિવારો પાસે પુસ્તકો હોય એ અહીં મૂકી જાય છે અને જરૂરિયાત મંદો કે વાંચન શોખીનો અહીંથી પુસ્તક વાંચવા લઈને પરત આપી જાય છે. પુસ્તક પરબ પરિવાર સાથે સંકળાયેલા શ્રી કૌશલભાઈ, શ્રીપાલભાઈ, શ્રી હિતેશ પટેલ અને અનેક કાર્યકરો આ પરબનું સફળતાપૂર્વક સંચાલન કરે છે. આ પ્રસંગે મણીનગરના ધારાસભ્ય શ્રી અમુલ ભટ્ટ અને વાંચન પ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાચી તીર્થ ખાતે વિનામૂલ્યે સદગુરૂ સુપર મેગા નેત્ર નિદાન, હાર્ડવૈદ, દંત યજ્ઞ, જનરલ ચેકઅપ કેમ્પ યોજાયો



(પ્રતિનિધી દ્વારા)

પ્રાચી તીર્થ તા.૨૦

પ્રાચી તીર્થ ખાતે વિનામૂલ્યે સદગુરુ સુપર મેગા નેત્ર નિદાન કેમ્પ, હાર્ડવૈદ, દંત યજ્ઞ,જનરલ ચેકઅપ કેમ્પ શ્રી કોળી સમાજ ભવન પ્રાચી ખાતે યોજાયો હતો આ કેમ્પના દાતાશ્રી કાનાભાઈ વીરાભાઈ સોલંકી બોસન, જશુભાઈ કાનાભાઈ સોલંકી સરપંચ શ્રી બોસન,તથા જીવીબેન સોલંકી તાલુકા પંચાયત સદસ્ય સુત્રાપાડા તેમનો સહ પરિવાર તથા શ્રી રણછોડદાસ બાપુ આંખ ની હોસ્પિટલ ના, ડો.અલકેશભાઈ ડો. ભગીરથ સિંહ રાઠોડ તથા ભગુભાઈ વાળા અગ્રણી ઘંટીયા તથા હીરાભાઈ રામ બોશન સહિતના અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર ના પરિવારજનો ના કર કમલો દ્વારા દિપ પ્રાગટય કરી તથા ગાયત્રી પરિવાર ના કાર્યકર્તા પત્રકાર જાદવભાઈ ચુડાસમા એ કેમ્પને ઉદ્બોધન કરીને આ કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો હતો આતકે સૌના માટે વિશ્વના કલ્યાણ તથા સૌનો સદબુદ્ધિ તથા ઉજજવળ ભવિષ્ય માટે ગાયત્રી મહામંત્ર,પાંચ મહામૃત્યુંજય મંત્રનો સામુહિક જાપ કરેલ ગાયત્રી પરિવારના સંસ્થાપક વેદમુર્તિ તપોનિષ્ઠ પંડિત શ્રી રામ શર્મા આચાર્યજીના જીવન નો સંદેશ પાઠવેલ લોકોને હૃદય ગંમ કરવા આહવાન કરેલ હતું કેમ્પના દાતા શ્રી કાનાભાઈ સોલંકી તથા તેમના પરિવારનુ સન્માન પરમ પૂજ્ય ગુરુદેવ ના દેવસ્થાપન ફોટો તથા ગુરુદેવના સાહિત્ય દ્વારા કરવામાં આવેલ હતુ આ કેમ્પમાં ડો.અલકેશભાઈ એ કુલ ૧૧૦ દર્દીઓ ને તપાસી જેમાં થી ૩૬ દર્દીઓ ને મોતિયાના ઓપરેશન માટે રાજકોટ ખાતે લઇ ગયેલ હતા તથા દાંત ના ડો.નયનાબેન રાવલીયા અક્ષર ડેન્ટલ ક્લિનિક વેરાવળ દ્વારા ૧૫ દર્દીઓને તપાસી સારવાર આપવામાં આવી હતી જનરલ ચેકઅપ કેમ્પમાં ડો. ભગીરથસિંહ રાઠોડ માધવ ક્લિનિક ઘંટીયા ફાટક એ ૪૦ થી વધુ દર્દીઓને તપાસી વિનામૂલ્યે દવા આપવામાં આવી હતી તથા હાર્ડવૈદ રવિરાજ બેરડીયા તાલાલા તથા હમીરભાઈ એ ૩૦ દર્દીને હાથ પગ સાંધા ના દુખાવા ના મસાજ કરે તથા દાતા તરફ થી સૌના માટે ચા - પાણી તથા સુંદર ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા ગોઠવવામાંઆવી હતી આ કેમ્પ ને સફળ બનાવવા માટે કાનાભાઈ સોલંકી ( બોસન ) નાથાભાઈ સોલંકી ( થરેલી ) નારણભાઈ વાળા ( પાધરૂકા તથા રોહિતભાઈ દરબાર અમરાપુર, રાહુલભાઈ રાઠોડ બોસન તથા વાલાભાઈ કંટાળા તથા દિવાળીબેન પ્રાચી, સોનીબેન ગોરખમઢી પ્રજ્ઞા બેન ચુડાસમા તથા ભુવનેશ્વરી બેન ચુડાસમા તથા પ્રતીક્ષાબેન ચુડાસમા તથા,પત્રકાર જાદવભાઈ ચુડાસમા તથા રંભુબેન ઉકાભાઈ ચુડાસમા સેવા સમિતિના સેવાભાવી ભાઈ બહેનો દ્વારા ખુબ જ જહેમત ઉઠાવીને આ કેમ્પને સફળ બનાવ્યો હતો.

(તસ્વીર: જાદવ ચુડાસમા)

# ખંભાળિયાનો ઘી ડેમ તળિયા ઝાટક થતા વૈકલ્પિક સ્ત્રોતોનું આયોજન : ચાલુ સપ્તાહમાં શહેરને મળશે નર્મદાના પાણી

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૦

ખંભાળિયા શહેરમાં પાણી પૂરું પાડતો ઘી ડેમ હાલ તળિયા ઝાટક હોવાથી શહેરમાં વિતરિત થતુ પાણી ડહોળું અને બિન આરોગ્યપ્રદ મનાય છે. ત્યારે ઘી ડેમ ખાલી થઈ ગયા બાદ અન્ય કેટલાક સ્ત્રોતો માટે નગરપાલિકા તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી રહી છે.

ખંભાળિયા શહેરમાં છેલ્લા ઘણા વર્ષોથી એકાંતરા પાણીનું વિતરણ કરાય છે. ત્યારે જો ચોમાસું ખેંચાય તો નગરજનોને પીવાના પાણીની હાલાકી ન થાય તે હેતુથી નગરપાલિકાના ચીફ ઓફિસર વ્યાસ તેમજ વોટર વર્કસ ઈજનેર નંદાણીયા દ્વારા કરવામાં આવેલા આ આયોજનમાં ઘી ડેમમાં રહેલા બે વિશાળ કુવાઓ, હોજ તેમજ ત્રંભાની વાવ ઉપરાંત અન્ય બોરમાં પણ પુષ્કળ પાણી પ્રાપ્ય બની રહે છે. પરંતુ હાલ ડેમમાં પાણી સાથે ગારો અને કીચડ હોવાથી ત્યાં સુધી જઈ શકાય તેમ નથી. આગામી દિવસોમાં પાણી સુકાઈ જાય ત્યારે આ બોર-કુવાનો મહત્તમ ઉપયોગ કરવામાં આવશે. આ માટે અહીં સુધી ઈલેક્ટ્રીક લાઈન નાખવા તેમજ જરૂર પડ્યે નવા બોર માટેનું પણ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ ઉપરાંત ખંભાળિયા શહેરના ૩૫ ટકા વિસ્તાર કે જ્યાં ફૂલવાડી વોટર વકર્સમાંથી પાણીનું વિતરણ કરવામાં આવે છે. શહેરમાં તમામ સ્થળોએ પાણી વિતરણ વ્યવસ્થા સુદ્રઢ બની રહે તે હેતુથી ખંભાળિયાના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા તેમજ સાંસદ પૂનમબેન માડમ દ્વારા ખાસ અભિગમ દાખવીને પાણી પુરવઠા મંત્રી અને જિલ્લા પ્રભારી કુંવરજીભાઈ બાવળીયાને રજૂઆત કરી અને નર્મદાનું પાણી મળે તે માટે પ્રાધાન્ય આપવા જણાવ્યું હતું. જેને અનુલક્ષીને આ સપ્તાહમાં ખંભાળિયા શહેરને દરરોજ બે થી ત્રણ એમ.એલ.ડી. પાણી મળતું રહે તેવી વ્યવસ્થાનું આયોજન હાથ ધરાયું છે.

ઘી ડેમમાંથી અપાતા પાણીને પૂરતા પ્રમાણમાં ફિલ્ટર તેમાં ક્લોરીનેશન બાદ શહેરમાં વિતરણ કરવામાં આવે છે. જ્યાં સુધી વરસાદનું પાણી ઘી ડેમમાં સંગ્રહિત ન થાય ત્યાં સુધી નગરજનોને નિયમિત રીતે પાણી વિતરણ થાય તે માટે પાલિકા તંત્ર દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ખંભાળિયાના ઘી ડેમમાં નર્મદાના નીર મળે તે માટે ગત માસમાં પણ પાલિકા દ્વારા સંબંધિત તંત્રને રજૂઆત કરવામાં આવી હતી. ત્યારે હવે આગામી દિવસોમાં નગરજનોને પીવાના પાણીની સુચારૂ વ્યવસ્થા બની રહેતા પાણી બાબતે લોકો નિશ્ચિંત રહેશે.

# ઉના નજીકથી રીક્ષામાંથી દારૂ ઝડપાયો

(નવીન જોષી દ્વારા)

ઉના તા.૨૦





ઊના પંથકમાં દારૂ બંધી નો કડક અમલ કરવા પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્ર સિંહ એન રાણા ના માર્ગ દર્શન હેઠળ સર્વ લનસ સ્કવોડ ના એ.એસ.આઇ. ધર્મેન્દ્ર સિહ પરમાર, ભાવેશ ભાઈ ખસીયા, જોરૂભા મકવાણા હેડ કોન્સ્ટેબલ અનિરુદ્ધ સિહ બારડ, હરપાલ સિહ ચુડાસમા સહિત ના સ્ટાફ ઊના દીવ રોડ અને દરિયા ની ખાડી પાસે પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે એક અતુલ માલવાહક રિક્ષા નંબર GJ 21-V-0321 નીકળતા ચાલક અજય કમા ભાઈ સોલંકી રે. ઊના ની પાસે ભારતીય બનાવટ ની પર પ્રાંત ની ઈંગ્લિશ દારૂની બોટલ નગ ૨૪ અને દરિયાની ખાડી માં ચાલી ને આવતા હાજીભાઈ કાસમ ભાઈ સુમરા રે. ગીર ગઢડા વાળા પાસેથી દારૂની બોટલો નગ ૧૮આમ કુલ બોટલ નગ ૪૨ (૨૫૨૦૦)અને રિક્ષા ની કિંમત રૂપિયા ૨૦૦૦૦/મળી કુલ રૂપિયા ૪૫૨૦૦/ના મુદામાલ સાથે પકડી લીધા હતા અને પોલીસ સ્ટેશન ગુનો દાખલ કરી ધરપકડ કરી હતી.

# ટ્રાફિક જાગૃતિના હેતુ સાથે ખંભાળિયામાં પોલીસ તંત્ર દ્વારા બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૦



દ્વારકા જિલ્લાના લોકો ટ્રાફિક પ્રત્યે વધુ જાગૃત બને અને સુરક્ષા નિયમોની અમલવારી કરે તે હેતુથી જિલ્લા ટ્રાફિક પોલીસના ઉપક્રમે ખંભાળિયામાં બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

ટ્રાફિક અંગેની જાગૃતિ તેમજ પ્રજા અને પોલીસ વચ્ચેનું સમન્વય વધુ સુદ્રઢ બને તે હેતુથી દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયના વડપણ હેઠળ ટ્રાફિક વિભાગ દ્વારા અત્રે જામનગર હાઈવે પર રોયલ ક્રિકેટ બોક્સ ખાતે હાથ ધરવામાં આવેલી બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ખંભાળિયા તથા આસપાસના વિસ્તારની પોલીસ સહિત કુલ ૧૨ જેટલી ટીમોએ ભાગ લીધો હતો. પોલીસની ટીમ તેમજ સ્થાનિક ખેલાડીઓ વચ્ચેની ફાઈનલ મેચમાં પોલીસ ઈલેવન અને શહેર યુવા કાર્યકરોની પ્રિન્સ ઈલેવન વચ્ચેના ક્રિકેટ જંગમાં અહીંના યુવા કાર્યકરોની પ્રિન્સ ઈલેવન ટીમનો વિજય થયો હતો. જેના કેપ્ટન બ્રિજરાજસિંહ જાડેજા તેમજ તેમની ટીમને સન્માનિત કરવામાં આવ્યા હતા.

લોકજાગૃતિના અભિગમ સાથેનું આ આયોજન આવકારદાયક બની રહ્યું હતું.

# ફાટસર શાળાનો વિદ્યાર્થી જ્ઞાનસેતુ ૨૦૨૪માં તાલુકામાં પ્રથમ સ્થાને



(નીરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૨૦

વર્ષ ૨૦૨૪ માં લેવાયેલ જ્ઞાન સેતુ પરીક્ષા માં ગીર ગઢડા તાલુકા ની ફાટસર પ્રાથમિક શાળા નો વિદ્યાર્થી પ્રિન્સ મયુરભાઈ પટેલ એ ૧૦૮ માર્કસ મેળવી તાલુકા માં પ્રથમ ક્રમાંક મેળવેલ છે.કુલ ૨૬ બાળકો માંથી ૧૦ જેટલા બાળકો એ ૬૦% કરતા વધુ માર્કસ મેળવેલ છે.શાળા પરિવાર તમામ બાળકો ને ખુબ ખુબ અભિનંદન પાઠવે છે.કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષા કે અન્ય શાળાકીય પ્રવૃત્તિ માં ફાટસર શાળા ના બાળકો અગ્રેસર હોય છે તે બદલ આચાર્ય દ્વારા સમગ્ર શિક્ષકો ને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# કચ્છમાં થયેલ અકસ્માતમાં મૃત્યુ પામેલા પ્રશ્નાવડાના મહિલા એએસઆઇ અને તેમના પતિને ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમ વિદાય અપાઈ




(જાદવ ભોળા દ્વારા)

લોઢવા તા.૧૯

સુત્રાપાડા તાલુકાના પ્રશ્નાવડા ગામના રહીશ ક્ષત્રિય કારડીયા રાજપુત હિંમતસિંહ રામભાઈ જાદવ અને તેમના ધર્મપત્ની એએસઆઇ વૈશાલીબેન નરેન્દ્રસિંહ રાઠોડ જમનું ગઈકાલે શનિવારના રોજ કચ્છના ભુજ તાલુકા ધાણેટીની બાજુ મા વાઘેશ્વરી પેટ્રોલ ની નજીકમાં અકસ્માતમાં મૃત્યુ થયું હતું. તે બંનેના મૃતદેહ મોડી રાત્રે તેમના પોતાના માદરે વતન પ્રશ્નાવડા ખાતે લાવવામાં આવ્યા હતા અને ગઈકાલે રવિવારના સવારે આઠ વાગે બંનેને ગાર્ડ ઓફ ઓનર સાથે બંનેની અંતિમ વિદાય આપવામા આવી હતી. અને બંનેની અંતિમ યાત્રા એકસાથે નીકળતા આખા ગામની અંદર માતમ માં ફેરવાઈ ગયુ હતું. અને આ અંતિમયાત્રામાં વૈશાલીબેનના સાથી કર્મચારી ઘણા બધા તેમની અંતિમયાત્રામાં જોડાયા હતા અને પ્રશ્નાવડા મા ભૂતકાળમાં આવો કાળો દિવસ કોઈ દિવસ ઉગ્યો ન હતો ગામના વડીલો મુજબ એક જ ઘરમાંથી એકી સાથે પતિ પત્નીના અવસાન થયા હોય એવો એક પણ બનાવ પ્રશ્નાવડા માં આજ સુધી બન્યો નથી.

# ઉના તાલુકાના ખાપટ ગામે કાર ચાલકે રાહદારીને અડફેટે લેતા મોત

(નીરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૨૦

ઉના ગીર ગઢડા રોડ ઉપરની આ એક મહીનામાં ચોથો બનાવ જેમાં ત્રણ લોકોના જીવ ગયા અને સિંહ બાળનું મોત થયું છે. જેમાં ૨ લોકોને અને સિંહ બાળને હડફેટે લેનાર વાહન ચાલક કે વાહનની હજુ કોઈ દરકાર નથી મળી. હિટ એન્ડ રન કેસ થયા હોવા છતાં અહી ભારે વાહનો પૂરપાટ ઝડપે ચાલે છે.

ઉના તાલુકાના ખાપટ ગામે ગત સાંજે ફોર વ્હીલ ચાલકે એક આધેડને ઠોકર મારી હતી. રસ્તા ઉપર ચાલી રહેલા રાહદારીને ઉના થી ગીર ગઢડા જઈ રહેલા ફોર વ્હીલ ચાલકે અડફેટે લીધા હતા. ખાપટ ગામના માલાભાઈ મોરી નામના આધેડને સારવાર અર્થે ૧૦૮ ની મદદથી ખાનગી હોસ્પિટલ ખસેવામાં આવેલા



જયાં માથાના ભાગે ગંભીર ઈજાને કારણે આધેડનું નિપજયું હતું.

## :: જાહેર નોટીસ ::

આથી હું નીચે સહી કરનાર ગિરીશકુમાર જે. પારેખ, એડવોકેટ, દિવાન ચોક, જુનાગઢ તે મારા અસીલ સ્વ. સુશીલાબેન શશીકાંત દોશીના વારસદાર પુત્ર શ્રી રવિશકુમાર શશીકાંત દોશી, રહે. જુનાગઢ વાળાની સુચનાથી આ જાહેર નોટીસ આપુ છું કે,

શ્રી ગુજરાત રાજયના જુનાગઢ જીલ્લાના તાલુકા જુનાગઢના, જુનાગઢ મહાનગરપાલીકા હદમાં આવેલા, ગામ ખામધ્રોળની બીનખેતીની જમીન રે.સરવે નં. ૧૩૦/૪ પૈકી, એ.૮-૦ ગુંઠામાં રહેણાંકના હેતુ માટે આવેલા પ્લોટો પૈકી પ્લોટોની જમીનમાં આવેલ શ્રી સિધ્ધાર્થનગર કો. ઓ. હા. સો.લી.-ખામધ્રોળ, નોંધણી નં.નઘણ/પી/ઘ/૮૩૦૭, તા.૧૪-૭-૮૦ થી રજીસ્ટર થયેલ સોસાયટીમાં જમીન ફાળો, શેર ફાળો, બાંધકામ ફાળો વિગેરે નાણાકીય રકમોનું રોકાણ ભારતીબેન મનસુખલાલ પુરોહીતે કરતા સોસાયટી તરફથી તેઓને બ્લોક નં.૧૨, ક્ષેત્રફળ આ.ચો.મીટર ૬૩.૯૬ નો એલોટ કરેલ. અને રૂા.૨૫૦/- ના શેર સર્ટી નં.૧૧૧ થી ૧૧૫, તા.૧૭-૮-૧૯૮૦ થી ભારતીબેન મનસુખલાલ પુરોહીતના નામે આપવામાં આવેલ અને સદરહુ બ્લોક નં.૧૨, ક્ષેત્રફળ આ.ચો.મી. ૬૩.૯૬ નો કબજો તેઓને સોંપવામાં આવેલ. અને ભારતીબેન મનસુખલાલ પુરોહીત પાસેથી સદરહુ બ્લોક નં.૧૨ મારા અસીલના માતુશ્રી સુશીલાબેન મનસુખલાલ દોશીએ રજી.દ.નં.૨૨૫, તા.૩-૨-૧૯૮૬ થી ખરીદ કરેલ. અને સદરહુ બ્લોકના માલીક મારા અસલના માતુશ્રી સુશીલાબેન મનસુખલાલ દોશીનું તા.૪-૪-૨૦૧૮ ના રોજ અવસાન પામતા તેમની પાછળ કાયદેસરની સીધી લીટીના વારસદારમા મારા અસીલ તથા અન્યો છે. જેથી સદરહુ બ્લોક નં.૧૨ નો કબજો ભોગવટો મારા અસીલ તથા અન્યોનો વારસાઈથી આવેલ છે.

સદરહુ મારા અસીલની માલીકીના બ્લોક નં.૧૨ ના પ્રથમ એલોટી સભ્ય ભારતીબેન મનસુખલાલ પુરોહીતના નામના સોસાયટી તરફથી આપવામાં આવેલ અસલ શેર સર્ટીફીકેટ તથા એલોટમેન્ટ લેટર ગુમ થઈ ગયેલ છે. આ અસલ શેર સર્ટીફીકેટ તથા એલોટમેન્ટ લેટર કોઈને સોંપવામાં આવેલ નથી કે બેંક, સહકારી મંડળી, ફાયનાન્સીયલ સંસ્થા, પ્રાઈવેટ સંસ્થા વિગેરે જગ્યાએ જામીનગીરીમાં કે ગીરો મુકવામાં આવેલ નથી કે આ અસલ શેર સર્ટીફીકેટ તથા એલોટમેન્ટ લેટર ઉપર કોઈ બોજો કે અન્ય કોઈપણ પ્રકારની કાર્યવાહી કરેલ નથી. તેમ છતા જે કોઈ બેંક, સંસ્થા, વ્યકિત કે અન્ય કોઈ આ અસલ શેર સર્ટીફીકેટ તથા એલોટમેન્ટ લેટર પરત્વે કોઈ અધિકારનો દાવો કરતા હોય તો તે વ્યકિતએ દિન-૮ માં તે મતલબની લેખીત જાણ અમોને નીચે જણાવેલ સરનામે કરવી અને મુદત દરમ્યાન કોઈના તરફથી કોઈ વાંધો નહિં આવે તો વાંધેદારોએ તેમના હકક-હિસ્સા જતા (વેઈવ) કરેલ છે તેમ માનીને મારા અસીલ લાગતી-વળગતી કચેરીમાંથી ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ મેળવી લેશે અને આ નોટીસની મુદત વિત્યા બાદ સદરહુ અસલ શેર સર્ટીફીકેટ તથા એલોટમેન્ટ લેટર બાબતે કોઈના તરફથી વાંધો તકરાર ઉપસ્થિત થશે તો તે મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં જેની આ જાહેર નોટીસથી નોંધ લેવી.

મુ. જુનાગઢ, તારીખ: ૧૮-૫-૨૦૨૪
અસીલની સુચના અનુસાર
ગિરીશકુમાર જે. પારેખ, એડવોકેટ
દિવાન ચોક, જુનાગઢ.
મો.નં.૯૯૦૯૫ ૭૭૪૨૩

સિકકો

(સહી-અવાચ્ય)
ગિરીશકુમાર જે. પારેખ
(એડવોકેટ)

ટુંક સમયમાં જ ચોમાસાનું આગમન થઈ રહયું છે ત્યારે

# જૂનાગઢમાં જળહોનારતની લટકતી તલવાર વચ્ચે પ્રજા રામભરોસે

## પ્રજાની અનેક સમસ્યા હોવા છતાં પણ તંત્રવાહકો કામ ન કરતા હોવાની વ્યાપક ફરીયાદ


જૂનાગઢ તા. ૨૦

જૂનાગઢ મહાનગરપાલિકાનું અસ્તિત્વ હોવા છતાં અને જૂનાગઢ મનપામાં ભાજપનું શાસન, ધારાસભ્ય ભાજપના, સાંસદ ભાજપના, ગુજરાતમાં ભાજપનું શાસન તેમજ કેન્દ્ર સુધી ભાજપનું શાસન છતાં જૂનાગઢની પ્રજા એક મહાનગર નહિ પણ ગામડામાં રહેતી હોય તેવો અહેસાસ કરી રહી છે. અને હાલ રામભરોસે હોય તેવો ઘાટ ઘડાઈ રહયો છે. કારણ કે પ્રજાના અનેક પ્રશ્નો ઉકેલની દિશાની રાહ જોઈ રહયા છે અને તંત્રવાહકો કોઈ કાર્યવાહી કરતા નથી તેવી અનેક ફરીયાદો વ્યાપક બની છે.

ખુબજ નજીકના સમયમાં ચોમાસું સત્તાવાર રીતે શરૂ થઈ રહયું છે ત્યારે જૂનાગઢ વાસીઓ અનેક પ્રશ્નોથી પિડાઈ રહયા છે અને મનપાના સત્તાધીશો અને નિંભર તંત્ર પ્રજાની દાદ, ફરીયાદ કે પ્રશ્નોના નિરાકરણ માટે કોઈપણ જાતની કામગીરી કરતું ન હોવાની અનેક ફરીયાદો ઉઠવા પામી છે. લોકોએ પોતાના કામ માટે વારંવાર રજુઆત કરવા છતાં પણ ઉકેલ ન આવે તો મનપા કચેરીએ આવી અને હોબાળો મચાવવો પડે છે, રામધુન કરવી પડે છે અને તિવ્ર આક્રોશ વ્યકત કરવા છતાં પણ લોકોના કોઈ કામનો ઉકેલ આવતો નથી.

જૂનાગઢ શહેરમાં દરેક વિસ્તારોમાં ઓછા -વધતા અંશે પ્રજાના પ્રાથમિક સુવિધાના પ્રશ્નો અટવાયેલા પડયા છે. રસ્તાઓ જુદી-જુદી કામગીરી અંતર્ગત ખોદી નાખવામાં આવ્યા હોય, પાણીની પાઈપલાઈન, ભુગર્ભ ગટરની કામગીરી, ગેસની પાઈપલાઈન વગેરે જેવી કામગીરી અંતર્ગત રસ્તાઓ ખોદી નખાયા બાદ પાછા યથાવત કરવામાં આવતા નથી. આ ઉપરાંત ઘણા વિસ્તારો એવા છે કે જયાં રસ્તાઓ તુટેલી હાલતમાં છે, ખોદાઈ ગયા હોય તો ઢાંકણા ફીટ થતા નથી, આ ઉપરાંત પાણીની લાઈનો ઉતારવામાં આવી હોય પરંતુ લેવલ ન થયું હોવાને લીધે કનેકશન અપાતા નથી. આવી પણ અનેક સમસ્યાથી જૂનાગઢ વાસીઓ મુંઝાયેલા છે. ગત વર્ષે મનપાના કહેવાતા અધિકારી, પદાધિકારી અને તંત્રવાહકોની અણઆવડતને કારણે જળ હોનારત જેવી ગંભીર સ્થિતિ ઉભી થયેલ હતી અને આખું શહેર જાણે પાણીમાં ડૂબી ગયું હોય તેવો ઘાટ સર્જાયો હતો. અને કરોડો રૂપિયાનું નુકશાન થયું હતું. છેલ્લા એક વર્ષથી જૂનાગઢ વાસીઓ સતત ફરીયાદો કરે છે કે જૂનાગઢ શહેરમાં ભયંકર રીતે પાણીના પુર ઘુસી જવાનું કારણ એક માત્ર દબાણો છે. વધુમાં શહેરમાં જયાં-જયાં વોંકળા છે તેની સફાઈ તેમજ તેમજ તેને ઉંડા ઉતારવા જોઈએ તેમજ તેના ઉપર જે ગેરકાયદેસર બાંધકામો થયેલા છે તે બાંધકામો કે દબાણો વહેલી તકે દુર કરવા માટે અનેકવાર રજુઆતો કરવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રી દ્વારા પણ આ બાબતની ગંભીર નોંધ લેવામાં આવી છે અને તેમ છતાં મનપા તંત્રએ કોઈ વખાણવા લાયક હજી સુધી કામગીરી કરી નથી. ગત વર્ષે જે જળ હોનારતની ઘટના બની હતી અને તેની જે ગંભીર અસરો જુદા જુદા વિસ્તારોમાં થયેલ હતી. લોકોના ઘરમાં પાણી ઘુસી ગયા હતા. આવી ઘટના ફરીવાર ન બને તેની સાવચેતીના ભાગરૂપે પ્રિમોન્સુન કામગીરી અંતર્ગત શહેરના તમામ વોંકળાઓને સાફ કરી ઉંડા ઉતારવા જોઈએ અને દબાણો દુર કરવા જોઈએ પરંતુ આવું કોઈ કામ મનપા તંત્ર હજી સુધી કરી શકયું નથી. બે દિવસ પહેલા જ દુર્વેશનગરની મહિલાઓએ મનપા કચેરીએ કમિશ્નર અને મેયરને વોંકળાની સફાઈ પ્રશ્ને તેમજ વોંકળા ઉંડા ઉતારવાની કામગીરી તત્કાલ કરવાની માંગણી સાથે મોર્ચો માંડયો હતો તો બીજીતરફ અનેક વિસ્તારોમાં પણ જુદી જુદી સમસ્યાઓ મોં વકાસીને બેઠી છે પરંતુ જાણે અણઘડ હાથોમાં મનપાનું શાસન હોય અને મનપાના જવાબદાર પદાધિકારી, અધિકારીઓ પણ જાણે સુઝ ન પડતી હોય અથવા તો પ્રજાની ફરીયાદ પ્રત્યે નિંભરની માફક અકળ મૌન સેવી રહયા હોય તેવો ઘાટ સર્જાયો છે. ગત વર્ષે જે જળહોનારતની ઘટના સર્જાઈ હતી તેમાં મોટાભાગે માનવસર્જીત આડઅસરોને કારણે આ બનાવ બન્યો હતો. પંદરેક દિવસમાં જ ચોમાસું વરસી જવાનું છે. ત્યારે આ વર્ષે પણ જો ભારે વરસાદ એકધારો વરસી જાય તો જૂનાગઢ શહેર પાછું બેટમાં ફેરવાઈ જાય તેવો ભય સેવાઈ રહેલો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જૂનાગઢ શહેરના લોકોની ફરીયાદોને લઈને અનેકવાર અખબારી નિવેદનો, પ્રેસનોટો અને જુદા જુદા કાર્યક્રમો યોજી અને જાગૃત નાગરીકો દ્વારા રજુઆતો કરવામાં આવે છે પરંતુ આ જાગૃત નાગરીકોની ફરીયાદોને પણ સાંભળવામાં આવતી નથી. જૂનાગઢથી લઈને ગાંધીનગર સુધીના દોટ લગાવવા છતાં પણ ઉચ્ચકક્ષાએથી પણ આદેશો છુટયા હોવા છતાં મનપા તંત્રએ ધ્યાન દીધું નથી તેવો સિનારીયો આજે સર્જાયો છે. આગામી ચોમાસું નજીક આવી રહયું છે ત્યારે જૂનાગઢ વાસીઓને તો અન્ય કોઈના સહારાને બદલે ફકત ભગવાન ઉપર ભરોસો રાખીને જ બેસવું પડે તેવી સ્થિતી છે.

# ૪૪.૧ ડિગ્રી તાપમાન સાથે જૂનાગઢ અગન ભઠ્ઠીમાં ફેરવાયું



## ગઈકાલે રવિવારે સવારથી અગન વર્ષાને પગલે જનજીવન પ્રભાવિત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ સહિત સોરઠ પંથકમાં ગરમીનું પ્રમાણ આકરૂ થઈ રહ્યું છે અને આગાહી મુજબ હિટવેવ જેવી સ્થિતિ પ્રર્વતી રહી છે. દરમ્યાન ગઈકાલે રવિવારે સવારથી જ અવકાશમાંથી અગન વર્ષા વરસી હતી અને જૂનાગઢ શહેર અગન ભઠ્ઠીમાં ફેરવાયું હતું અને જનજીવન પ્રભાવિત બન્યું હતું. આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર ગઈકાલે રવિવારે રેકોર્ડ બ્રેક હાઈએસ્ટ ૪૪.૧ ડિગ્રી તાપમાનથી સમગ્ર જૂનાગઢ સહિત સોરઠમાં હાહાકાર મચી ગયો હતો. સવારથી જ આકાશમાંથી અગનવર્ષા થતા લોકો આકુળ વ્યાકુળ થઈ ગયા હતા. સવારે જૂનાગઢ શહેરનું લઘુતમ તાપમાન ૨૮.૮ ડિગ્રી રહ્યું હતું અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૨ ટકા રહ્યું હતું પરંતુ શનિવારની જેમ રવિવારે પણ બપોરની શરૂઆત થતાની સાથે જ ધરતી ધગધગવા લાગી હતી અને મધ્યાહને તો જ્વાળામુખી ફાટયો હોય એવી અનુભૂતિ થઈ હતી. શનિવારની સરખામણીએ રવિવારની બપોરે મહતમ તાપમાનનો પારો ૦.૫ ડિગ્રી ઉપર ચડીને ૪૪.૧ ડિગ્રીએ પહોંચી ગયો હતો. આમ રવિવાર સીઝનનો સૌથી વધુ ભયંકર ગરમ દિવસ રહ્યો હતો. ભીષણ ગરમીની સાથે ૭.૨ કિલોમીટરની ઝડપે ગરમ પવન ફૂંકાતા વાતાવરણ વધુ અગન ભઠ્ઠીમાં ફેરવાઈ ગયો હતો. હવામાન વિભાગની આગાહી મુજબ તાપમાન સતત વધી રહ્યું હોય નવા સીમા ચિન્હ નોંધાયા છે. રવિવારે સૂર્ય દેવતાએ હાહાકાર મચાવતા રસ્તાઓ, બજારો આખો દિવસ લગભગ સૂમસામ રહી હતી. આકરી ગરમીથી કંટાળી લોકો સાંજ થતા જ ભવનાથ ખાતે ઉમટી પડયા હતા અને મોડી રાત્રિ સુધી તળેટી વિસ્તારમાં શહેરીજનોનો જમેલો જોવા મળ્યો હતો. બીજી તરફ હજુ ૩ દિવસ સુધી હિટવેવ રહેનાર હોવાથી લોકોએ ગરમી લાગે નહિ તે માટે સાવચેતી રાખવી આવશ્યક છે.

# જૂનાગઢમાં શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે શ્રી રાધારમણ દેવના ૧૯૬માં પાટોત્સવની ભવ્ય ઉજવણી થશે



(પ્રતિનિધિ દ્વારા)

## આવતીકાલ તા.૨૧થી ૨૫ દરમ્યાન શ્રીમદ સત્સંગી જીવન પંચાહ્ન પારાયણનું આયોજન

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ શહેરમાં જવાહર રોડ ઉપર આવેલા શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે શ્રી રાધારમણ દેવના ૧૯૬માં પાટોત્સવની ભાવભેર અને ભવ્યતાથી ઉજવણી થશે. આ પાટોત્સવ અંતર્ગત આવતીકાલ તા.૨૧થી ૨૫ મે ૨૦૨૪ દરમ્યાન શ્રીમદ સત્સંગી જીવન પંચાહ્ન પારાયણનું પણ આયોજન કરવામાં આવેલ છે. વકતા તરીકે પ.પૂ.સ.ગુ. સ્વામી શ્રી પુર્ણસ્વરૂપદાસજી (સરધાર) બિરાજી કથામૃતનું પાન કરવામાં આવશે. કથાનો સમય સવારે ૮:૩૦થી ૧૧:૩૦ અને બપોરે ૩:૩૦થી ૬:૩૦ દરમ્યાન રહેશે. વધુમાં ભગવાન સ્વામિનારાયણના સ્વહસ્તે પધરાવાયેલા સિધ્ધેશ્વર મહાદેવ સહિતના દેવો ભકતોજનોની મનોકામના પુર્ણ કરે છે તેવા શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર શ્રધ્ધાળુ અને ભાવિકો માટે આસ્થાનું કેન્દ્ર છે. અહીં પૂનમ ભરવા પણ ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી પડતા હોય છે અને દર્શને આવનારા ભાવિકોને અહીં બિરાજતા સિધ્ધેશ્વર મહાદેવ સહિતના દેવો તેઓની મનોકામના પુર્ણ કરે છે તેવા આ સિધ્ધભૂમિ અને જૂનાગઢધામમાં નવયુવન ચેરમેન શ્રી કોઠારી સ્વામી પુરૂષોતમ પ્રકાશદાસજી (પી.પી. સ્વામી) તથા મુખ્ય કોઠારી શાસ્ત્રી સ્વામી શ્રી પ્રેમસ્વરૂપદાસજી અને પૂર્વ ચેરમેન પૂ. દેવનંદન સ્વામીના માર્ગદર્શન હેઠળ અનેક સેવાના કાર્યો તેમજ ધાર્મિક ઉત્સવ ઉજવવામાં આવે છે. તેમજ વિકાસશીલ કાર્યો તેમજ વિવિધ સેવાકીય કાર્યો પણ કરવામાં આવી રહ્યા છે અને દિવસે-દિવસે દુર-દુરથી ભાવિકો આ મંદિરે દર્શન માટે આવે છે. અહીં આવનાર ભાવિકોના દર્શન માટેની વ્યવસ્થા, પ્રસાદ માટેની વ્યવસ્થા તેમજ રહેવાની સુવિધા સહિતની વ્યવસ્થાનું સુંદર સંચાલન કરવામાં આવી રહ્યું છે. જૂનાગઢના આંગણે પૌરાણીક અને ઐતિહાસીક વારસાથી સુસંસ્કૃત જૂનાગઢની પ્રસાદીભૂત ભૂમિમાં બિરાજમાન શ્રી રાધારમણદેવ આદિક દેવોનો ૧૯૬મો પાટોત્સવ વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ ગાદી પીઠાધિપતિ પરમ પૂજય ધર્મધુરંધર ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રકાશ દાસજી મહારાજશ્રીના આર્શીવાદ સહ પ.પૂ.૧૦૮ નાના લાલજી શ્રી દ્વિજેન્દ્રપ્રસાદજી મહારાજની ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવાશે. પ.પૂ.સ.ગુ. પુરાણી સ્વામી શ્રી ધર્મચરણદાસજીના રૂડા આર્શીવાદથી તથા પ.પુ.સ.ગુ. કોઠારી સ્વામી દેવનંદનદાસજી (પૂર્વચેરમેન)ના માર્ગદર્શન મુજબ શ્રીમદ સત્સંગીજીવન પંચાહ્ન પારાયણ તા.૨૧-૫-૨૦૨૪, મંગળવારથી તા.૨૫-૫-૨૦૨૪ શનિવાર સુધી આયોજન કરેલ છે. જેના વકતાપદે પ.પુ.સ.ગુ. સ્વામી શ્રી પુર્ણસ્વરૂપદાસજી-સરધાર બિરાજી કથામૃતનો અલભ્ય લાભ આપશે. શ્રી ઠાકોરજીના દિવ્ય અભિષેક દર્શન, કથા શ્રવણ, ધર્મકુળદર્શન તેમજ ધામોધામથી પધારતા પૂજય સંતોના દર્શન-આશીવર્ચનનો લાભ પ્રાપ્ત કરવા સપરિવાર મિત્રમંડળ સહિત પધારવા સોરઠ પ્રદેશના સમસ્ત સંતો, સત્સંગી સમાજ તેમજ શ્રી રાધારમણદેવ વહિવટી સમિતી જૂનાગઢ વતી ચેરમેન શ્રી કોઠારી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી સ્વામી(પી.પી. સ્વામી) તથા મુખ્ય કોઠારી શાસ્ત્રી સ્વામી શ્રી પ્રેમસ્વરૂપદાસજી દ્વારા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવેલ છે. આ ધર્મ કાર્યને સફળ બનાવવા માટે સંતોના માર્ગદર્શન હેઠળ કુંજ સ્વામી તેમજ પ્રફુલભાઈ કાપડીયા તેમજ ટ્રસ્ટી મંડળના સભ્યો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# જૂનાગઢમાં રૂા.૯૧ લાખની છેતરપિંડી કેસમાં આરોપીઓ પાસેથી મુદ્દામાલ રિકવર કરવા તપાસ હાથ ધરાઈ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢની અક્ષર જ્વેલર્સ પેઢી સાથેની રૂપિયા ૯૧ લાખની છેતરપિંડી મામલે પકડાયેલ પેઢીના મેનેજર સહિત ૩ શખ્સોની પોલીસે પૂછપરછ હાથ ધરી મુદ્દામાલ કબજે કરવા કવાયત શરૂ કરી છે. અક્ષર જ્વેલર્સનાં કારીગરોના નામે ખોટી એન્ટ્રીઓ કરી પેઢીના સ્ટોક મેળમાં સાચી એન્ટ્રીઓ, સ્ટોક બતાવી પેઢીનું રૂપિયા ૯૧ લાખની કિંમતનું ૧૨૮૨.૦૭ ગ્રામ કાચું સોનુ ઓળવી જઈ પેઢી સાથે છેતરપિંડી આચરવાના કેસમાં પોલીસે પેઢીના મેનેજર મયુર નાનજીભાઈ વાઘેલા તેમજ તેના મળતિયા કલ્પરાજસિંહ ઉર્ફે કલ્પેશ નકુમ અને ભૌમિક મહિપતભાઈ પરમારની અટકાયત કર્યા બાદ ત્રણેયને શનિવારે ૪ દિવસનાં રિમાન્ડ ઉપર મેળવી આગળની તપાસ હાથ ધરી હતી. તપાસનીશ એ ડિવિઝનનાં પીઆઈ વી. જે. સાવજે જણાવ્યું હતું કે, આ ગુનામાં ત્રિપુટી સિવાય તેમની સાથે અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે અંગે ઉપરાંત કાચુ સોનું ઓળવી લીધા બાદ તેનું શું કર્યુ સહિતના મુદ્દે ત્રણેયની પૂછપરછ ચાલી રહી છે.

આ ઉપરાંત આ શખ્સોને જ્વેલર્સ પેઢી ખાતે પણ લઈ જઈને તપાસની પ્રક્રિયા હાથ ધરાશે. સાથે સાથે ત્રિપુટીનાં ઘરની ઝડતી પણ કરવામાં આવશે. આ સમગ્ર મામલામાં ઝડપાયેલા ત્રણ શખ્સ ઉપરાંત તેની સાથે અન્ય શખ્સો પણ સામેલ હોવાની શંકા હોય તે માહિતી ત્રણેયની પાસેથી ઓકાવવા માટેની પણ તજવીજ હાથ ધરાઈ છે. ખાસ કરીને મુદ્દામાલ રિકવર કરવા માટે તપાસ વધુ સઘન બનાવવામાં આવી છે. પ્રાથમિક તબક્કે તપાસમાં મેનેજર મયુર વાઘેલા પેઢીમાંથી કાચુ સોનુ ગપચાવી લીધા બાદ કલ્પરાજસિંહને અને બાદમાં આ શખ્સ ભૌમિક પરમારને સોનુ વેચતો હોવાની વિગતો બહાર આવી છે. આથી સોનુ લે-વેચ કરવામાં અન્ય શખ્સો સામેલ હોવાની શક્યતા નકારી શકાતી નથી જેથી આ મુદ્દે પણ તપાસ કેન્દ્રિત કરવામાં આવી છે.

# જૂનાગઢ ભારતી આશ્રમ દ્વારા હરિદ્વારમાં ભાગવત સપ્તાહ






(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૦

શ્રી ભારતી આશ્રમ જૂનાગઢ દ્વારા દેવભૂમિ હરિદ્વારમાં ભગવતી ગંગાના સાનિધ્યમાં તા.૧૧થી ૧૭ મે ડો. રામેશ્વર બાપુ હરિયાણીના વ્યાસાસને શ્રીમદ ભાગવત સપ્તાહનું આયોજન કરાયું હતું. જેમાં ભારતી આશ્રમના મહંત આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ મહામંડલેશ્વર પુ. હરીહરાનંદ ભારતી બાપુ, તોરણીયા નકલંકધામ અને હરીદ્વારના પુ. રાજેન્દ્રદાસ બાપુ, મહામંડલેશ્વર રીતેશ્વરાનંદજી, જુના અખાડાના સેક્રેટરી કનૈયાગીરી, થાનાપતિ મહાદેવગીરી બાપુ, પુ. મહાદેવ ભારતી બાપુ, સતાધારના પુ. વિજયબાપુ સહિતના સંતો ઉપસ્થિત રહી કથાશ્રવણનો લાભ લીધો હતો.

# વિસાવદરના આશાસ્પદ યુવાનનું અકસ્માતમાં થયેલ મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ જીલ્લાના વિસાવદરથી માણંદીયા રોડ ઉપર કોઈ અજાણ્યા વાહન ચાલકે મોટરસાઈકલને હડફેટે લેતા યુવાનનું ગંભીર ઈજા થવાના કારણે મૃત્યું થયું છે. મૃતક યુવાન ધો.૧૨ની પુનઃ પરીક્ષા માટે તૈયારી કરી રહેલ એવા વિસાવદરના આશાસ્પદ યુવાનનું એક અકસ્માતમાં મૃત્યું થયું છે. પોતાના પિતાને વાડીએ ખેતીકામમાં મદદ માટે જતા રસ્તા ઉપર છકડો રીક્ષા સાથે અથડાતા ગંભીર ઈજા સાથે મૃત્યું થયેલ છે.

ભોગ બનનાર જેનીલ ગેડિયા એક એથ્લેટ હતો અને સ્પોર્ટસ કવોટાની શીટ ઉપર રાષ્ટ્રની સેવા માટે કાર્ય કરવાના વિચારો ધરાવતો આ નવયુવાન હતો. વિવિધ દોડની સ્પર્ધામાં ઘણી સિદ્ધીઓ પ્રાપ્ત કરી હતી. ખેલ મહાકુંભમા પણ વિસાવદર તાલુકાનું અને માંડાવડ સંકુલનું પ્રતિનિધિત્વ કરેલ હતું. ગિરનાર આરોહણ સ્પર્ધા તેમજ જૂનાગઢ પોલીસ આયોજીત ડ્રગ્સ મેરેથોન દોડમાં પણ સ્પર્ધક તરીકે સારો દેખાવ કર્યો હતો. તેમના નિધનથી સમગ્ર વી.ડી.પટેલ શાળાના પ્રિન્સીપાલ તથા સ્ટાફે ભારે દુઃખ વ્યકત કર્યું હતું. તેમજ તેના માર્ગદર્શક વલ્લભભાઈ નાકરાણીએ એક ઉમદા ઉભરતા ખેલાડીની વિસાવદર તાલુકાને ન પૂરાઈ એવી ખોટ પડી છે તેમ જણાવ્યું હતું. વધુમાં આ બનાવ અંગે મૃતક યુવાનના પિતા લાલજીભાઈ ભીખુભાઈ ગેડીયાની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં જુગાર દરોડો : ત્રણ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ એ ડીવીઝન પોલીસે ગઈકાલે આઝાદ ચોક નજીક સરકારી લાયબ્રેરી વાળી ગલીમાં જાહેરમાં જુગાર રમતા ત્રણ શખ્સોને રૂા.૪૮૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# માણાવદરમાં ગળાફાંસો ખાતા મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦

માણાવદરમાં ગાયત્રી મંદિર પાછળ રહેતા અશ્વિનભાઈ વિક્રમભાઈ પરમાર(ઉ.વ.૩૮) પોતે એકદમ તામશી સ્વભાવના હોય અને વાતેવાતે ખીજાઈ જતા હોય જેથી પોતાની મેળે ઘરમાં ગળાફાંસો ખાઈ લેતા તેઓનું મૃત્યું થયું છે. માણાવદર પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

